વચનામૃતમાં
દૃષ્ટાંતબોધ





શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ
અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, ભગવાન શ્રી સ્વામિનારાયણ



સ્વામિનારાયણ અક્ષરધામ, નવી દિલ્હી

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

પવિત્ર નૈતિક જીવન માટે કટિબદ્ધ આ સંસ્થા એક વિશ્વવ્યાપી આધ્યાત્મિક સમાજ છે, એક શાંતિચાહક સમાજ છે. જીવનનો સાચો મર્મ સમજાવતી, શાશ્વત શાંતિ તરફ લઈ જતી આ ધર્મસંસ્થાનું લક્ષ્ય છે – માનવમાત્રનો ઉત્કર્ષ.

ભગવાન સ્વામિનારાયણ (સન ૧૭૮૧-૧૮૩૦) પ્રબોધિત વૈદિક આદર્શોને કેન્દ્રમાં રાખી બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સન ૧૯૦૭માં આ સંસ્થાની સ્થાપના કરી હતી. સંસ્થાનાં ૨૦,૦૦૦થી વધુ સત્સંગ સભાકેન્દ્રો(બાળ-યુવા-મહિલા-સંયુક્ત સભાકેન્દ્રો વગેરે)નો વિશ્વવ્યાપી આધ્યાત્મિક પરિવાર માનવ-ઉત્કર્ષની ગંગા વહાવે છે.

સંસ્થાના ૧,૦૦૦ સુશિક્ષિત સંતો તથા ૫૫,૦૦૦ યુવાનોનું વિરાટ સ્વયંસેવક દળ આધ્યાત્મિક અભિયાન ઉપરાંત અનેકવિધ રચનાત્મક પ્રવૃત્તિઓનું વહન કરે છે. ચાહે તે રાહત કાર્યો હોય કે શૈક્ષણિક અભિયાન હોય; ભૂકંપગ્રસ્ત ગામોનું પુનર્નિર્માણ હોય, વસ્ત્ર-વિતરણ કે જળસંચય અભિયાન હોય. શિક્ષણ સેવાઓમાં ગામડાંઓની પ્રાથમિક શાળાઓથી માંડી ઇંગ્લેન્ડમાં ભવ્ય વિદ્યાર્થી સંકુલ સુધી અનેક શૈક્ષણિક સોપાન સર કર્યાં છે. રોગનિદાન યજ્ઞો, વિક્રમસર્જક રક્તદાન યજ્ઞોથી માંડી હોસ્પિટલ સેવામાં સંસ્થાએ તબીબી સેવાઓ વિસ્તારી છે. વ્યસનમુક્તિથી લઈને એઈડ્સ અને પર્યાવરણ જેવી સમસ્યાઓના હલ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે જાગૃતિનો શંખ ફૂંકતી આ સંસ્થા, યુનો(UNO) દ્વારા માન્ય થયેલી સામાજિક સેવાસંસ્થા છે.

લંડન (યુ.કે.), શિકાગો, હ્યુસ્ટન, એટલાન્ટા, લોસ એન્જલસ, રોબિન્સવીલ (યુ.એસ.એ.), ટોરન્ટો (કેનેડા), નૈરોબી (ઇસ્ટ આફ્રિકા), ઓકલેન્ડ (ન્યૂઝીલેન્ડ), સિડની (ઓસ્ટ્રેલિયા) વગેરે સહિત અનેક દેશોમાં અજાયબી સમાં મંદિરો રચીને સંસ્કાર-પ્રવૃત્તિ અને માનવસેવાની વિશિષ્ટ જ્યોત જગાવી છે.

ગાંધીનગર તથા નવી દિલ્હીમાં અભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક સંકુલ – અક્ષરધામનું નિર્માણ કરી સંસ્થાએ યુગસિદ્ધિ હાંસલ કરી છે.

વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં વિકસિત થયેલી અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના નેતૃત્વ તળે સનાતન સંસ્કૃતિને જનમાનસમાં પોષતી આ સંસ્થાએ, વિશ્વવ્યાપી સ્તરે લોકહૃદયમાં નિરાળું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી ગ્રંથમાળા
વચનામૃત દ્વિશતાબ્દી ગ્રંથમાળા

વચનામૃતમાં દૃષ્ટાંતબોધ

લેખક
સાધુ શ્રીજીકીર્તનદાસ

પ્રકાશક
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

VACHANAMRUTMA DRASHTANT BODH (Gujarati Edition)

By Sadhu Shrijikirtandas

Inspired by: HH Mahant Swami Maharaj

Presented by:
B.A.P.S. SWAMINARAYAN SANSTHA
Shahibaug, Amdavad – 380 004. India.

Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad – 380 004. India.

1st Edition:
March 2020. Copies: 7,000

ISBN: 978-81-7526-944-6

રજૂકર્તા : બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

પ્રથમ આવૃત્તિ : માર્ચ ૨૦૨૦

પ્રત : ૭,૦૦૦

કિંમત : રૂ. ૧૪-૦૦ (સ્વામિનારાયણ અક્ષરપીઠના સૌજન્યથી
મૂળ કિંમત **રૂ. ૧૮-૦૦**માંથી ઘટાડેલી કિંમત)

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રકાશકીય

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વસુંધરા પર અવતરીને એક વિરાટ અને શાશ્વત કલ્યાણમય આધ્યાત્મિક આંદોલન આદર્યું હતું. એ આંદોલનના એક ભાગરૂપે હતાં – એમનાં જ્ઞાનસત્રો. નિત્ય અહોરાત્ર ગુંજતાં એમનાં જ્ઞાનસત્રોમાં મોટે ભાગે માધ્યમ હતું – પ્રશ્નોત્તરીનું. ક્યારેક સંતો-ભક્તો આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા માટે મુમુક્ષુમાત્ર માટે ઉપયોગી એવા અદ્‌ભુત અને વ્યવહારુ પ્રશ્નો પૂછે અને ભગવાન સ્વામિનારાયણ તેનો ઉત્તર આપે. ક્યારેક ભગવાન સ્વયં પ્રશ્નો પૂછે અને સ્વયં ઉત્તર આપે. ક્યારેક પ્રશ્ન વગર પણ કૃપાવચન વરસાવે. ભગવાન સ્વામિનારાયણની એ પરાવાણીમાં વેદ, ઉપનિષદ, સ્મૃતિ, પુરાણ, ઇતિહાસ વગેરે તમામ શાસ્ત્રોનો અનુભવપૂર્ણ અને સાક્ષાત્કારયુક્ત અર્ક ટપકતો હતો.

એમની એ પરાવાણીને પ્રમાણિત રીતે સંગ્રહીને તેમના સમકાલીન વિદ્વાન અને સમર્થ સંતશિષ્યોએ તેનો સંપાદિત ગ્રંથ તૈયાર કર્યો. નામ આપ્યું – વચનામૃત, જેને સ્વયં ભગવાને નીરખીને પ્રમાણિત પણ કર્યો.

આ વચનામૃત ગ્રંથ આધ્યાત્મિક જગતના ઇતિહાસમાં એક અજોડ શાસ્ત્ર છે. આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા ઇચ્છતા કોઈપણ મુમુક્ષુ માટે વચનામૃત એક અનિવાર્ય ગ્રંથ છે. તેમાં સૌ કોઈને સમજાય તેવું સરળ અને અદ્‌ભુત અનુભવપૂર્ણ માર્ગદર્શન છે. આધ્યાત્મિક માર્ગે મુમુક્ષુને ઉદ્‌ભવતા પ્રશ્ન માત્રનું સર્વોત્તમ સમાધાન છે.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ઊજવાઈ રહેલા આ વચનામૃત ગ્રંથના દ્વિશતાબ્દી પર્વે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી વચનામૃત વિષયક વિવિધ પ્રકાશનોની શ્રેણી પ્રકાશિત કરવામાં આવી રહી છે. વિદ્વાન સંતો અને ભક્તોએ તૈયાર કરેલી આ પ્રત્યેક પુસ્તિકાના સર્જન પાછળ ઊંડું અધ્યયન અને ચિંતન છે. સ્વામિનારાયણ અક્ષરપીઠ આ પુસ્તિકાના લેખક પૂજ્ય શ્રીજીકીર્તનદાસ સ્વામીનો હાર્દિક આભાર માને છે.

મનીષીઓએ અધ્યાત્મને દુર્ગમ પથ કહ્યો છે. વળી, 'ક્ષુરસ્ય ધારા' કહેતાં અસ્ત્રાની ધાર ઉપર ચાલવા જેવો કઠણ ગણાવ્યો છે. તેથી જ આ માર્ગે ચાલનારો કોઈપણ સાધક, જ્યાં સુધી તેને યથાર્થ રૂપમાં જેમ છે તેમ સમજે નહીં, ત્યાં સુધી તેનો પ્રામાણિક પુરુષાર્થ પણ વામણો સાબિત થઈ પડે છે.

વચનામૃત ગ્રંથ એ દુર્ગમ સાધના-માર્ગને સરળ કરી આપે છે. અભણ વ્યક્તિ પણ અધ્યાત્મને સારી રીતે સમજી શકે એવાં દૃષ્ટાંતો શ્રીહરિએ પ્રયોજ્યાં છે. સરળ શૈલી દ્વારા, અપ્રાપ્ય લાગતી ઉચ્ચ આધ્યાત્મિક સિદ્ધદશાને, સમજવા અને સાધવા જેટલી સહજ બનાવી છે.

પ્રસિદ્ધ ગાંધીવાદી ચિંતક કિશોરલાલ મશરૂવાળા કહે છે, 'આધ્યાત્મિક અને વિચારમય જીવન ગાળવા ઇચ્છનારને ગુજરાતી ભાષામાં આવું પુસ્તક વિચાર્યા વિના ભાગ્યે જ ચાલે. એ પુસ્તકનું મનન અને નિદિધ્યાસન કરી એના સિદ્ધાંતો અને ઉપદેશોને જીવનમાં ઉતારવા પ્રયત્ન કરનાર, ચડ્યા વિના રહે જ નહીં. એની ભાષા બહુ મુદ્દાસર, ટૂંકી, એક જ અર્થ દર્શાવનારી, થોડું ભણેલાને પણ સમજાય તેવા સહેલા શબ્દો, સરળ વાક્ય રચનાવાળી અને જરૂર પડે ત્યાં અર્થ સ્પષ્ટ કરે તેવાં દૃષ્ટાંતોવાળી છે.'

પ્રસ્તુત પુસ્તકમાં ભગવાન સ્વામિનારાયણ ઉદ્‌બોધિત એ દૃષ્ટાંતબોધની વિશેષતાને જુદા-જુદા દૃષ્ટિકોણથી વર્ણાવવાનો નમ્ર પ્રયત્ન થયેલો છે. જેનાથી, સમજવામાં અકળ અને ઊંડું શાણપણ માંગી લે તેવાં ગૂઢ આધ્યાત્મિક રહસ્યોને, અનોખી ઢબે સામાન્ય જનમાનસ સુધી સરળતાથી પહોંચાડવાની તેઓની મૂઠી ઊંચેરી કૃપાવર્ષાનાં દર્શન થાય છે.

વચનામૃત' દ્વિશતાબ્દી ઉપક્રમે વચનામૃતની જુદી જુદી વિશેષતાઓનો વધુ ઊંડાણથી પરિચય થાય, ગર્ભિત અવસ્થામાં પડેલું, હજુ પણ કાંઈ ન જાણેલું-વિચારેલું સ્પષ્ટ રીતે સમજાય તેવો પ્રયત્ન સંતોએ કર્યો છે. જે પૈકીના આ પુસ્તિકામાં દૃષ્ટાંતબોધ દ્વારા જ્ઞાન-પ્રદાન કરવાની ભગવાન સ્વામિનારાયણની વિશિષ્ટ પદ્ધતિનાં દર્શન થાય છે.

આશા છે, આપ સૌને અને વચનામૃતને સમજવા ઇચ્છતા મુમુક્ષુઓ માટે આ પુસ્તિકા અત્યંત ઉપયોગી નીવડશે.

– સ્વામિનારાયણ અક્ષરપીઠ,

વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ, પુષ્પદોલોત્સવ, વિ.સં. ૨૦૭૬

૧

વૈવિધ્ય

ભગવાન શ્રી સ્વામિનારાયણે ગહન આધ્યાત્મિક બોધને સામાન્ય જનમાનસને પણ સમજાઈ જાય તે રીતે સરળતાથી પ્રસ્તુત કરવા માટે પોતાનાં વચનામૃતોમાં ઠેર ઠેર દૃષ્ટાંત બોધનો અદ્ભુત વિનિયોગ કર્યો છે. પોતાના પરિભ્રમણ દરમ્યાન તથા સામુદાયિક જનજીવનમાં સહજ રીતે દૃષ્ટિગોચર થતા નૈસર્ગિક, વ્યાવસાયિક, સાંસારિક, શૈક્ષણિક, વૈદ્યક તથા રાજનૈતિક દૃષ્ટાંતો પોતાના ઉપદેશમાં વણી લઈને તેમણે સામાન્ય જનમાનસને સર્વોત્તમ આધ્યાત્મિક બોધ પીરસ્યો છે. આ દૃષ્ટાંતોનું વૈવિધ્ય પણ આશ્ચર્ય પમાડે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ઉદ્બોધેલાં વચનામૃતોમાં આ દૃષ્ટાંતોનું પ્રતિબિંબ ઝિલાયું છે. આવો, એ વૈવિધ્યની એક ઝાંખી મેળવીએ...

૧. નૈસર્ગિક દૃષ્ટાંતો

❖ અંતરિક્ષ જગત

સૃષ્ટિનું સમયચક્ર જેના દ્વારા સંચાલિત થાય છે તેવા આકાશમાં દેખાતા સૂર્ય-ચંદ્ર-નક્ષત્રો અને તારાઓ કે જેને કોઈ લેખક-કવિ પોતાનાં સાહિત્યસભર લખાણોમાં અચૂક સ્થાન આપે, જે કોઈ અવકાશ વિજ્ઞાની માટે આશ્ચર્યથી સંશોધનનો વિષય બને, જે કોઈ સાગરખેડુ માટે દિશાસૂચક બની શકે તેવા અંતરિક્ષ જગતને ભગવાન સ્વામિનારાયણે પોતાના દૃષ્ટાંતનું માધ્યમ બનાવી આધ્યાત્મિક બોધ સાથે જોડ્યા છે. જેમ કે –

- **વચ.પં.૭** – "**જેમ** સૂર્ય ઉદય થાય છે, ત્યારે તેના પ્રકાશમાં સર્વે તારા, ચંદ્રમાદિકનાં તેજ લીન થઈ જાય છે ને એક સૂર્યનો જ પ્રકાશ રહે છે. **તેમ** એ ભગવાન જેને જેને વિષે આવે છે ત્યારે તેના તેજનો પરાભવ કરીને પોતાના પ્રકાશને અધિકપણે જણાવે છે."
- **વચ.વર.૧૨** – "**જેમ** ચંદ્રમાને વિષે જેમ જેમ સૂર્યની કળા આવતી જાય તેમ તેમ તે ચંદ્રમા વૃદ્ધિને પામતો જાય છે, તે જ્યારે પૂર્ણમાસી આવે ત્યારે ચંદ્રમા સંપૂર્ણ થાય છે. **તેમ** ભગવાનનો પરિપૂર્ણ નિશ્ચય થયા મોર તો એ જીવ અમાવાસ્યાના ચંદ્રની પેઠે કળાએ રહિત ખદ્યોત જેવો હોય. પછી જેમ જેમ પરમેશ્વરના મહિમાએ સહિત નિશ્ચયને પામે છે તેમ તેમ વૃદ્ધિને પામીને પૂર્ણમાસીના ચંદ્ર જેવો એ જીવાત્મા થાય છે."

સ્વચ્છ-નિર્મળ આકાશને જોતાં મન પ્રફુલ્લિત થાય છે. ઘણી વાર આવા વાતાવરણમાં સારા વિચારો પણ આવે, પરંતુ આ આકાશને જોતાં કાંઈક વિશેષ પણ સમજી - વિચારી શકાય છે, એમ ભગવાન સ્વામિનારાયણ જણાવે છે.

જેમ કે –

- **વચ.કા.૮** – "**જેમ** આકાશ છે તે પૃથ્વી આદિક ચાર ભૂતમાં વ્યાપક છે ને પૃથ્વી આદિક ચાર ભૂત થકી અસંગી છે અને એ ચાર ભૂતની ઉપાધિ તે આકાશને અડતી નથી, આકાશ અતિશય નિર્લેપ થકો એ ચાર ભૂતને વિષે રહ્યો છે, **તેમ** પુરુષોત્તમ ભગવાન સર્વના આત્મારૂપે કરીને સર્વને વિષે રહ્યા છે તોપણ અતિશય નિર્વિકાર છે ને અસંગી છે."

આ ઉપરાંત, વચનામૃત સા.૧૭, લો.૧૫, લો.૧૩, ગ.પ્ર.૧૨,૨૭, પં.૭, ગ.મ.૪૨, વર.૧૩ વગેરેમાં પણ સૂર્ય, ચંદ્ર, તારા તથા આકાશ જેવાં દૃષ્ટાંતોનો પ્રયોગ થયો છે.

❖ વનસ્પતિ જગત

આપણું વનસ્પતિ જગત અને કૃષિક્ષેત્ર આપણા જીવનનો એક અવિભાજ્ય ભાગ છે. આપણા જીવનના વિવિધ આધારો તો કૃષિ અને વનસ્પતિમાં છે જ, પરંતુ તેમાં ગર્ભિત આધ્યાત્મિક રહસ્યો પણ છુપાયાં છે.

ઊગીને-ઊછરીને અંતે કરમાઈ જતી આ વનસ્પતિઓને ભગવાન સ્વામિનારાયણે આધ્યાત્મિક બોધ સાથે જોડીને અમર બોધ આપ્યો છે. જેમ કે –

- **વચ.ગ.મ.૩૨** – "**જેમ** થોરનું ઝાડ હોય અથવા વડનું કે પીંપરનું ડાળ હોય તે એક ઠેકાણેથી કાપીને બીજે ઠેકાણે રોપીએ તો ઊગીને ઝાડ થાય; અને આંબો તથા લીંબડો હોય તેને એક વાર કાપ્યો એટલે ફરીને ચોંટે નહીં. **તેમ** કુટુંબી વિના બીજાનો જે સંબંધ છે તે તો આંબાના ઝાડના જેવો છે, તે એક વાર કાપ્યો એટલે ફરીને ચોંટે નહીં; અને કુટુંબીનો સંબંધ છે તે તો થોરના ને વડના ઝાડ જેવો છે, તે કાપી નાખ્યો હોય તો પણ ધરતીમાં પડ્યો પડ્યો પણ પાલવ્યા વિના રહે નહીં."
- **વચ.સા.૧૧** – "**જેમ** શાળને માથેથી ફોતરું ઊતર્યું તે શાળ પાછી ઊગે નહીં. **તેમ** કહ્યા એવે ગુણે (સદ્‌ગુરુ અને સત્શાસ્ત્રને વચને કરીને દૃઢ વૈરાગ્યને પામ્યો હોય ને દૃઢ શ્રદ્ધાવાન હોય ને અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્ય તેને અતિ દૃઢ પાળતો હોય ને અહિંસાધર્મને વિષે પ્રીતિવાન હોય ને આત્મનિષ્ઠા પણ પરિપક્વ હોય) કરીને જે યુક્ત હોય તે અનાદિ અજ્ઞાનરૂપ જ માયા તેથી છૂટે છે ને જન્મમરણ થકી રહિત થાય છે."
- **વચ.ગ.અં.૧૮** – "**જેમ** ત્રણ વર્ષની તથા ચાર વર્ષની જે જૂની ડાંગર થઈ, પછી તે જમ્યામાં આવે ખરી પણ વાવે તો ઊગે નહીં. **તેમ** પૂર્વકર્મની વાસના છે તે જીર્ણ થાય ત્યારે જન્મમરણને ભોગવાવે એવી રહે નહીં."

આ ઉપરાંત, બીજ ફોતરું (વર.૬), આંબલીનું બીજ (કા.૧૨), લીંબુ કેરી (ગ.પ્ર.૨૪, ૭૩, કા.૧૨, ગ.મ.૧૩), ત્રખલું (કા.૬), કાંટો (ગ.પ્ર.૬૬, ૭૦), શેરડી (ગ.અં.૧૯) જેવાં દૃષ્ટાંતોને પણ વચનામૃતમાં પસંદ કરેલાં છે.

❖ નદી-પર્વત-સમુદ્ર

સાંકડા-પહોળા પટે વહેતી નદીઓ, ઉત્તુંગ પર્વતો, વિશાળ સમુદ્રો એ પૃથ્વી પરનાં એવાં સ્થાનો છે, જેની વાત કરતાં કે જેને સંભારતાં ઘણી વાર અચરજ-અહોભાવ અને તેનું સાંનિધ્ય આહ્‌લાદકતાનો અનુભવ કરાવે છે.

મનુષ્ય જ્યાં મોજ-મજા અને પર્યટન દ્વારા ક્ષણિક હળવાશ અનુભવે તથા જેને પોતાના જીવનની સ્મરણિકાઓનો ભાગ બનાવવા ક્ષણ - બે ક્ષણ જેને પોતાના સંગાથી બનાવી કચકડે કેદ કરવાનું ભૂલે નહીં, તેવા આ પ્રવાસી ને સાહસિકોની સાહસવૃત્તિની પુષ્ટિમાં જવાબદાર આ સ્થાનોને વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણે દૃષ્ટાંતરૂપે લઈ આધ્યાત્મિક બોધ સાથે સાંકળ્યા છે.

- **વચ.કા.૮** – "**જેમ** ગિરનાર પર્વત છે તેને લોકાલોક પર્વતની પાસે મૂકીએ ત્યારે તે અતિશય નાનો ભાસે; પણ ગિરનાર પર્વત કાંઈ નાનો થયો નથી, એ તો લોકાલોકની[૧] અતિશય મોટાઈ આગળ નાનો જણાય છે. **તેમ** પુરુષોત્તમ ભગવાનની મોટાઈ આગળ અષ્ટ આવરણે યુક્ત જે અનંત કોટિ બ્રહ્માંડ તે અણુની પેઠે અતિ સૂક્ષ્મ ભાસે છે; પણ તે બ્રહ્માંડ કાંઈ નાનાં થઈ ગયાં નથી, એ તો ભગવાનની મોટપ આગળ નાનાં જણાય છે."

પરબ્રહ્મની જેમ અક્ષરબ્રહ્મની પણ મોટપ છે – તે જણાવવા ભગવાન સ્વામિનારાયણ આ જ દૃષ્ટાંત સાથે જણાવે છે કે –

- **વચ.ગ.મ.૪૨** – "**જેમ** ગિરનાર પર્વત છે તે મેરુ આગળ અતિશય નાનો દેખાય, અને લોકાલોક પર્વતની આગળ મેરુ પર્વત અતિશય નાનો દેખાય; **તેમ** બ્રહ્માંડ તો આવડાં ને આવડાં હોય પણ અક્ષરની અતિશય મોટ્યપ છે તેની આગળ અતિ નાનાં દેખાય છે."

વળી, સાધનાને અંતે બ્રાહ્મીસ્થિતિએ પહોંચેલા ભક્તની મનોદશા કેવી હોય તે જણાવતાં શ્રીહરિ કહે છે કે –

- **વચ.અમ.૩** – "**જેમ** મહી જેવી કે સાભરમતી જેવી નદી બે કાંઠામાં વહેતી હોય ત્યારે હાથી, ઘોડા, વૃક્ષ સર્વે તણાઈ જાય પણ કોઈ ઠરી શકે નહીં; **તેમ** ઉપશમવાળાને(બ્રાહ્મીસ્થિતિ) પણ ગમે તેવા રમણીય ભોગ ઇન્દ્રિયોને ગોચર થયા હોય પણ જ્યારે અંતર સન્મુખ દૃષ્ટિ કરે ત્યારે જેવા પૂર્વજન્મને વિષે દેખ્યા હોય ને તે આ જન્મમાં વીસરી જાય છે, તેવી તેની વિસ્મૃતિ થઈ જાય છે."

---

૧. **લોકાલોક પર્વત:** વિષ્ણુપુરાણમાં વર્ણવેલા આ પર્વતની ઊંચાઈ એક કરોડ યોજન છે. તથા દસ હજાર યોજન વિસ્તારમાં ફેલાયેલો છે. મેરુ પર્વતની આસપાસ ચારે બાજુએ બાર કરોડ પચાસ લાખ યોજન દૂર ગોળાકારે આવેલો છે.
(૧ યોજન = ૪ માઇલ = ૬.૪ કિ.મી.)

સત્સંગમાં ભગવાન ને સંત પાસે મનગમતું મૂકવું તે મહત્ત્વની સાધના છે. આ વાતને અવગણી આસુરી કક્ષાએ પહોંચેલા શું કરી બેસે તે સમજાવતાં ભગવાન સ્વામિનારાયણ જણાવે છે કે –

- **વચ.ગ.અં.૧૪** – "**જેમ** ભાલ દેશમાં મોરે સમુદ્ર હતો તે કાંપ જમાઈને મીઠી પૃથ્વી થઈ છે, તે જ્યાં સુધી કાંપ હોય ત્યાં સુધી જો ખોદીએ તો પાણી મીઠું નીસરે અને તેથી જો હેઠું ખોદીએ તો સમુદ્રના જેવું ખારું ઝેર પાણી નીસરે; **તેમ** આસુરી જીવ હોય તે હરિભક્ત થયો હોય ને એનું ગમતું મરડીને લગારેક છેડ્યો હોય તો જેટલી મોરે સાધુની સેવા કરી હોય તેથી લાખ ઘણો દ્રોહ કરે તો પણ મનમાં સંતોષ ન થાય."

આ ઉપરાંત, પર્વત (વર.૪), મેરુ પર્વત (ગ.પ્ર.૩૯, ગ.મ.૪૨, વર.૪) વગેરે દૃષ્ટાંતોને પણ વચનામૃતમાં સમાવ્યાં છે.

❖ સૂક્ષ્મ જીવજગત

સામાન્ય માણસ જેના અસ્તિત્વની બહુધા નોંધ પણ ન લે તેવાં સૂક્ષ્મ જીવ-જંતુઓ કે જેને મરતાં-મારતાં તેમની ગેરહાજરીની ગણતરી પણ પૃથ્વી ઉપર ન થાય, તેવાં આ નાના જીવો ભગવાન સ્વામિનારાયણના દૃષ્ટાંતબોધથી બાકાત રહ્યા નથી.

ભગવાનના સ્વરૂપનું નિરંતર સ્મરણ કરતાં કરતાં ભગવાનનો ભક્ત તેના તદ્‌વત્‌ભાવને પામે છે. આ વાતને ઇયળ-ભમરીના લોકપ્રચલિત દૃષ્ટાંતથી શ્રીહરિ સમજાવે છે કે –

- **વચ.કા.૧** – "**જેમ** ભમરી ઇયળને ઝાલી લાવે છે ને તેને ચટકો લઈને ઉપર ગુંજારવ કરે છે, તેણે કરીને તે ઇયળ તે ને તે દેહે કરીને તદાકાર થઈ જાય છે પણ કોઈ અંગ ઇયળનું રહેતું નથી, ભમરી જેવી જ ભમરી થઈ જાય છે; **તેમ** ભગવાનના ભક્તના જે દેહ, ઇંદ્રિયો, અંતઃ- કરણ ને પ્રાણ તે સર્વ ભગવાનના જ્ઞાને કરીને ભગવાનને આકારે થઈ જાય છે ને દિવ્ય થઈ જાય છે."

વળી, ગરોળી જેવા જીવને જોતાં જ લગભગ ઘણાખરાને અણગમો થાય ને તેને હાંકી કાઢવાનો જ બંદોબસ્ત કરે. તેને પણ શ્રીહરિ દૃષ્ટાંતબોધમાં

સંભારે છે.

- **વચ.ગ.મ.૫૭** – "**જેમ** દીવાના પ્રકાશમાં ગરોળી આવીને જે જે જંતુ આવે તેનો નાશ કરે છે, **તેમ** આત્માનો જે પ્રકાશ તેમાં રહ્યો જે વિચાર (મારે વિષે કોઈ જાતનું માયાનું આવરણ નથી, તો આત્મા થકી પર જે પરમાત્મા નારાયણ વાસુદેવ તેને વિષે માયાનો લેશ પણ કેમ હોય ?) તે આત્મા વિના બીજા પદાર્થનો નાશ કરી નાંખે છે."

મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીએ પોતાની વાતમાં કહ્યું છે કે –

'ચિત્ત કી વૃત્તિ એક હૈ, ભાવે તહાં લગાઓ.
ચાહે તો હરિ કી ભક્તિ કરો, ચાહે તો વિષય કમાઓ.'

જ્યાં સુધી મનુષ્ય વિષયને જ પોતાનું જીવન માને ત્યાં સુધી ભગવાનથી વેગળો જ રહે છે. માછલીના દૃષ્ટાંતથી ભગવાન સ્વામિનારાયણ આ વાતને વધુ સ્પષ્ટ કરતાં જણાવે છે કે –

- **વચ.ગ.અં.૨૮** – "**જેમ** માછલું હોય તેને જળ છે તે જીવનરૂપ છે. તે જળનો યોગ જ્યાં સુધી હોય ત્યાં સુધી તે જળમાં માછલું ચાલે, હાલે, ક્રિયા કરે ને જળનો વિયોગ થાય ત્યારે તેની ચંચળતા ટળી જાય ને મરી જાય. **તેમ** જેને પંચવિષયે કરીને જીવનપણું જ્યાં સુધી મનાયું છે ને તેણે કરીને સુખ માન્યું છે ને તેનો વિયોગ થાય ત્યારે મૂવા જેવો થઈ જાય છે, એવો જે હોય તે ભગવાનના સુખને ક્યારેય પણ પામે નહીં."

આ ઉપરાંત, વચનામૃતમાં સર્પ (લો.૧), કરોળિયો (લો.૧૦, વર.૮), પતંગિયું (ગ.મ.૫૦), કીડી-મકોડો-માખી (ગ.મ.૬) તથા મચ્છર (સા.૧૭) જેવા સૂક્ષ્મ જીવોને પણ દૃષ્ટાંતરૂપે સ્થાન આપ્યું છે.

૨. વ્યાવસાયિક દૃષ્ટાંતો

અધ્યાત્મ શાસ્ત્રોમાં માણસના ચાર પુરુષાર્થ ગણાવેલા છે. તેમાં એક છે : 'અર્થ'. કહેતાં અર્થોપાર્જન. ધન અર્જિત કરવું. નોકરી-ધંધાના માધ્યમથી માણસ નાણાંનું ઉપાર્જન કરે છે. શ્રીહરિ પોતાની નોંધમાં - નજરમાં આવેલા એવા જુદા-જુદા વેપારીની પ્રકૃતિ તથા વ્યાપારની લોક સ્વીકૃત પદ્ધતિને દૃષ્ટાંત-બોધમાં સમાવીને જણાવે છે કે –

■ **વચ.ગ.મ.૫૫** – "**જેમ** સાડાસોળવલું કંચન હોય ને તેને સોનીની પેઢીએ લઈ જાય અને જો ધણીની લગારેક નજર ચૂકે તો સોની સોનું કાઢી લઈને તેમાં રૂપું ભેળવી દે. **તેમ** આ હૃદયરૂપી તો સોનીની પેઢી છે અને તેમાં માયારૂપી સોની છે, તે પોતે બેઠો થકો સંકલ્પરૂપી જે હથોડો તેના અખંડ ટચટચ ટચકા મારતો રહે છે. અને જેમ સોનીનાં છોકરાં-સ્ત્રી હોય તે પારસી કરીને તેને હાથ આવે તો કાંઈક સોનું ચોરી જાય; **તેમ** ઇન્દ્રિયો-અંતઃકરણ એ સર્વે માયારૂપે જે સોની તેનાં છોકરાં-સ્ત્રી છે, તે કંચનરૂપ જે ચૈતન્ય તેને વિષે ત્રણ ગુણ તથા પંચવિષયમાં આસક્તિ તથા દેહાભિમાન તથા કામ, ક્રોધ, લોભાદિક ગુણરૂપ જે સોનું તેને કાઢી લે છે."

કોઈપણ વ્યાપારમાં તેની ચઢતી-પડતીનો અંદાજ જે-તે વ્યાપારના હિસાબ-કિતાબ કહેતાં 'નામું' જોતાં લગાવી શકાય છે. 'નામા'ના દૃષ્ટાંત દ્વારા ભગવાન સ્વામિનારાયણ સાધના માર્ગે અનિવાર્ય એવી અંતર્દૃષ્ટિની વાત સમજાવે છે કે –

■ **વચ.ગ.પ્ર.૩૮** – "**જેમ** વણિકને ઘેર નામું કર્યું હોય તે જો મહિના મહિનાનું નિરંતર ચુકાવી દઈએ તો દેતાં કઠણ ન પડે ને વર્ષ-દહાડાનું ભેગું કરીએ તો આપવું બહુ કઠણ પડે... **તેમ** સત્સંગી હોય તેને જ્યાંથી પોતાને સત્સંગ થયો હોય ત્યાંથી પોતાના મનનો તપાસ કરવો જે, 'પ્રથમના વર્ષમાં મારું મન આવું હતું ને પછી આવું હતું અને આટલી ભગવાનની વાસના હતી ને આટલી જગતની હતી,' એમ વર્ષોવર્ષનો સરવાળો વિચાર્યા કરવો અને પોતાના મનમાં જેટલી જગતની વાસના બાકી રહી ગઈ હોય તેને થોડે થોડે નિરંતર ટાળવી. અને એમ વિચારે નહીં ને બધી ભેગી કરે તો તે વાસના એની ટળે નહીં."

વળી, પોતાના સ્વભાવનું સરવૈયું તૈયાર કરવા માટે પણ ભગવાન સ્વામિનારાયણ 'નામા'ના દૃષ્ટાંતે સમજાવે છે કે –

■ **વચ.સા.૧૮** – "**જેમ** વાણિયો હોય તે જેટલો વેપાર કરે તેનું નામું માંડી રાખે છે; **તેની પેઠે** જે દિવસ થકી સત્સંગ થયો છે તે દિવસથી જેણે નામું માંડી રાખ્યું હોય... અને વર્ષોવર્ષ પોતાનો વધારો થતો

હોય અથવા કાંઈ ફેર રહેતો હોય તે સર્વેને તપાસ્યા કરે... તો તેના જે જે સ્વભાવ હોય તે સર્વે નાશ પામી જાય છે.''

વળી, વ્યવસાયમાં ચલણ તરીકે સ્વીકૃત નાણાંના માધ્યમોને પણ દૃષ્ટાંત તરીકે ઉપયોગ કરતાં ભગવાન સ્વામિનારાયણ બોધ આપે છે કે –

- **વચ.પં.૧** – ''**જેમ** કોડી કરતાં પૈસામાં વધુ માલ છે ને તેથી રૂપિયામાં વધુ માલ છે ને તેથી સોનામહોરમાં વધુ માલ છે ને તેથી ચિંતામણિમાં વધુ માલ છે, **તેમ** જ્યાં જ્યાં પંચવિષયનું સુખ છે તેથી ભગવાનના ધામમાં ભગવાનનું સુખ અતિ અધિક છે.''

વ્યાપારમાં નાણાંના વિનિમય માટે તે સમયમાં હૂંડીનું ચલણ હતું. જેને અત્યારે ચેક-ડ્રાફ્ટ તરીકે ઓળખીએ છીએ. તેને દૃષ્ટાંત તરીકે લઈ ભગવાન સ્વામિનારાયણ ઊંચો આધ્યાત્મિક બોધ આપે છે કે –

- **વચ.ગ.મ.૬** – ''જેમ કોઈક મોટો શાહુકાર હોય ને તે કોઈકને હૂંડી લખી આપે ત્યારે કાગળમાં તો એકે રૂપિયો જણાતો નથી, પણ રૂપિયા સાચા છે, તે જ્યારે હૂંડી જે શાહુકારની ઉપર લખી હોય તેને આપે ત્યારે તે હૂંડીમાંથી જ રૂપિયાનો ઢગલો થાય છે. તેમ મોટાપુરુષની આજ્ઞાએ કરીને જે ધર્મ પાળે ત્યારે હમણાં તો કાંઈ વિધિનિષેધમાં વિશેષ જણાતું નથી, પણ અંતે મોટાપુરુષની આજ્ઞા પાળનારનું કલ્યાણ થાય છે.''

૩. કૌટુંબિક દૃષ્ટાંતો

ભગવાન સ્વામિનારાયણે પોતાના જીવનમાં ૭ વર્ષ, ૧ માસ અને ૧૧ દિવસ વન વિચરણમાં વિતાવેલાં છે. આ સિવાયનો તેઓના જીવનનો કાર્યકાળ પોતાના સંસારી ભક્તો વચ્ચે જ વીત્યો છે. વૈરાગ્યથી માયા પરની ઊંચી ભૂમિકાએ બિરાજેલા તેઓએ સંસારથી અલિપ્ત રહીને સાંસારિક-કૌટુંબિક રીતરિવાજો-સંબંધોને જોયા-જાણ્યા છે, તેની છાંટ તેઓના દૃષ્ટાંત-બોધમાં જણાય છે.

પસ્પરનો વિશ્વાસ એ પારિવારિક સંબંધોનો પ્રાણ છે. જ્યાં સુધી વિશ્વાસ હોય ત્યાં લગી સંબંધોનું આયુષ્ય નિરામય રહે છે. વિશ્વાસ સંપાદિત કરવો એ નાનીસૂની વાત નથી. એક પતિવ્રતા સ્ત્રી પોતાના ઉચ્ચ ખાનદાની ચારિત્ર્ય

દ્વારા પોતાના ધણીનો વિશ્વાસ જીતે છે. સાંસારિક સંબંધોના આ મૂલ્યને દૃષ્ટાંત દ્વારા શ્રીહરિ સમજાવે છે કે –

- **વચ.ગ.અં.૧૬** – "**જેમ** પતિવ્રતા સ્ત્રી હોય તેને પોતાનો પતિ કંગાલ હોય, કરૂપ હોય અથવા રોગી કે વૃદ્ધ હોય, તોપણ બીજા જે તાલેવર ને રૂપવાન ને યૌવનવાન પુરુષ તેને જોઈને લેશમાત્ર મનમાં ગુણ આવે નહીં. ને તે પતિવ્રતાને ઘેર કોઈક પરુણા આવ્યા હોય તો તેને અન્ન- જળ આપે તથા પોતાના પતિના જે સંબંધી પુરુષ તેને પણ અન્નજળ આપે, તે તો પતિના સંબંધી જાણીને આપે, પણ પોતાના પતિના જેવી બીજા પુરુષમાત્ર સંગાથે લેશમાત્ર પ્રીતિ ન હોય ને પોતાના પતિની મરજી પ્રમાણે જ વર્તે. એવી રીતે પતિવ્રતા સ્ત્રીને પોતાના પતિ સંગાથે દૃઢ ટેક છે. **તેમ** જ ભગવાનના ભક્તને પણ ભગવાન સંગાથે દૃઢ ટેક જોઈએ. અને જેવે રૂપે કરીને ભગવાનનું દર્શન પોતાને થયું છે ને તે સંગાથે જેને પતિવ્રતાના જેવી દૃઢ પ્રીતિ બંધાણી છે. તેને મોટા મોટા જે બીજા મુક્ત સાધુ તે સંગાથે પણ પ્રીતિ થાય જ નહીં. કેવળ જે સ્વરૂપની પોતાને પ્રાપ્તિ થઈ હોય તેને સંગાથે જ પ્રીતિ રહે ને તેની મરજી પ્રમાણે જ વર્તે ને બીજાને જે કાંઈક માને તે તો તેના જાણીને માને."

ગરજ સાથે કામ કરવું એ સાંસારિક જીવોની એક સ્વાભાવિક તાસીર છે. વિચાર કરીને કાર્ય કરનારા ક્યારેય આમાં થાપ ખાતા નથી. ગરજુ થઈ નિર્વિઘ્ન રીતે પોતાનું કામ કાઢી લેતા હોય છે. આ બાબતને શ્રીહરિ **વચ. ગ.મ.૧૭**ના દૃષ્ટાંતબોધમાં સ્થાન આપી જણાવે છે કે –

- "આ સંસારમાં પણ એવી રીત છે જે, જે થકી પોતાનો મોટો સ્વાર્થ સરતો હોય તેનો બુદ્ધિવાન હોય તે દોષ ગ્રહણ કરે નહીં. **જેમ** સ્ત્રી હોય તે પોતાના સ્વાર્થ સારુ પતિનો દોષ ગ્રહણ કરતી નથી તથા બીજા પણ ગૃહસ્થ હોય તે પોતાના ભાઈ, ભત્રીજા, દીકરા ઈત્યાદિક જે સંબંધી તેને વિષે જો પોતાનો અતિશય સ્વાર્થ હોય તો દોષનું ગ્રહણ નથી કરતા, **તેમ** ભગવાન થકી જેણે મોટો સ્વાર્થ જાણ્યો હોય તો કોઈ રીતે ભગવાનનો અવગુણ આવે જ નહીં."

સંસારની એક સામાન્ય ઘરેડ છે કે બાળક જન્મે અને સમજણો થવા

માડે ત્યારથી તે ઘણી-બધી બાબતોને નિસ્તર્ક રીતે સ્વીકારી જ લે છે. જે શાસ્ત્રમાન્ય છે તેને તેની બુદ્ધિ સહજ અપનાવી લે છે. સાંસારિક આ ક્રમને દૃષ્ટાંતરૂપે લઈને સભાને સંબોધતાં ભગવાન સ્વામિનારાયણ **વચ.ગ.અં.૨૭**માં અતિ મહત્ત્વનો સિદ્ધાંત સમજાવે છે કે –

- "**જેમ** આ સંસારમાં પ્રથમ બાળકપણામાંથી મા-બાપ, વર્ણ, આશ્રમ, નાત, જાત, પશુ, મનુષ્ય, જડ, અગ્નિ, પૃથ્વી, વાયુ, આકાશ ઈત્યાદિક જે જે પદાર્થનો નિશ્ચય થયો છે તે શાસ્ત્રે કરીને થયો છે. **તેમ** શાસ્ત્રે કહ્યા જે નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ, નિઃસ્નેહ ઈત્યાદિક સંતનાં લક્ષણ તેને સાંભળીને એવાં લક્ષણ જ્યાં દેખાય એવા જે સંત તેને ને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય, માટે એવા સંતના વચને કરીને ભગવાનનો નિશ્ચય કરવો ને તેના વચનમાં દૃઢ વિશ્વાસ કરવો."

ભગવાન સ્વામિનારાયણના સમયમાં સતીપ્રથાનું દૂષણ વ્યાપક હતું. અલબત્ત, શ્રીહરિના પ્રયત્નથી તે ઘણાખરા અંશે નાબૂદ થયેલું. શ્રીહરિએ પોતાના દૃષ્ટાંતબોધમાં આવા કૌટુંબિક કુરિવાજોને પણ બાકાત નથી રાખ્યા.

- **વચ.કા.૩** – "**જેમ** કોઈ સતી થવાને નીસરી ને પછી અગ્નિ જોઈને પાછી વળે તો તેને શું તેનાં સગાં પાછી વળવા દે ? એ તો જોરે કરીને બાળે. **તેમ** જે ત્યાગી થઈને ગૃહસ્થને ભોગવવા યોગ્ય ભોગની ઈચ્છા રાખે છે તે ખડ ખાય છે, કાં જે, એને એ ભોગ પ્રાપ્ત થનાર છે નહીં."

૪. શૈક્ષણિક દૃષ્ટાંતો

મનુષ્ય પૃથ્વી ઉપરનું શ્રેષ્ઠ સર્જન છે. કારણ, તેને મળેલું બુદ્ધિતત્ત્વ; જેનાથી તે વિચાર-વિકાસ કરી શકે છે. પરંતુ તેના યથાર્થ ઉપયોગના અભાવે 'બુદ્ધિશાળી પ્રાણી' તરીકેની ઓળખાણ મેળવનાર મનુષ્ય આજે તે 'કાંઈ યાદ રહેતું નથી'ની ફરિયાદ કરતો રહેતો હોય છે. શૈક્ષણિક જગતમાં વિદ્યાર્થી-માનસની એક નોંધપાત્ર નબળાઈ છતાં નક્કર વાસ્તવિકતાને શ્રીહરિએ પોતાના દૃષ્ટાંતબોધમાં સ્થાન આપ્યું છે, જે દ્વારા તેઓ સમજાવે છે કે –

- **વચ.પં.૪** – "**જેમ** કોઈક પુરુષ શ્લોક શીખ્યો ને તેને પૂછીએ જે, 'તને આ શ્લોક તથા કીર્તન આવડ્યો ?' ત્યારે કહે જે, 'આવડ્યો.'

ને કંઠથી મુખપાઠ કહી દેખાડે. પણ પછી થોડાક દિવસ થાય ત્યારે તે શ્લોક-કીર્તનને ભૂલી જાય. ત્યારે એ તે શું જે એને જ્યારે એ શીખ્યો હતો ત્યારે જ એને એટલો આવડ્યો નહોતો. કેમ જે, શ્રવણ-મનને કરીને એનો દૃઢ અભ્યાસ થઈને એના જીવમાં એ શ્લોક કીર્તન ચોંટી નહોતો ગયો. **તેમ** એણે ભગવાનનો નિશ્ચય કર્યો હતો ત્યારે જ એના નિશ્ચયમાં કસર રહી ગઈ હતી ને જો કસર ન રહી હોત ને આવી રીતે પ્રથમથી જ શ્રવણ કરીને ન તેનું મનન કરીને તેનો દૃઢ અભ્યાસ એના જીવમાં થયો હોત તો એને કોઈ દિવસ સંશય થાત જ નહીં.''

૫. વૈદ્યક દૃષ્ટાંતો

સર્વજ્ઞ શ્રીહરિએ વૈદ્યકીય દૃષ્ટાંતોને પણ પોતાના ઉપદેશોમાં સ્થાન આપ્યું છે. સામાન્ય રીતે પ્રયોગ થતા હોય તેવા વૈદ્યકીય ઉપચારો-પદ્ધતિઓને દૃષ્ટાંત તરીકે લઈ તેમણે ઉચ્ચ આધ્યાત્મિક બોધ આપ્યો છે. જેમ કે –

- **વચ.ગ.મ.૨** – ''**જેમ** બાહેર ગૂમડું થયું હોય તેને ઔષધ ચોપડે ત્યારે જ કસર (આરામ, રોગથી છુટકારો) થાય, પણ કેવળ વાર્તા સાંભળ્યે કસર થાય નહીં. **તેમ** પંચવિષયરૂપી જે રોગ છે તે તો તેનું જ્યારે ઔષધ કરીએ ત્યારે જ નિવૃત્તિ થાય.''

  વળી, આ જ વચનામૃતમાં આગળ જણાવે છે કે –

  ''**જેમ** ઉદરમાં રોગ થયો હોય તે તો ઉદરમાં ઔષધ જાય ત્યારે જ ટળે. **તેમ** પ્રથમથી જે ઇન્દ્રિયો દ્વારા કરીને વિષય અંતઃકરણમાં ભરાયા હોય તે તો આત્મવિચારે કરીને ટાળવા.''
- **વચ.ગ.અં.૩૯** – ''**જેમ** વિશલ્યકરણી ઔષધિ લાવીને હનુમાનજીએ રામચંદ્રને પિવડાવી ત્યારે દેહમાં શલ્ય (તીર, બાણ) લાગ્યાં હતાં તે સર્વે એની મેળે દેહથી બાહેર નીકળી ગયાં, **તેમ** જેને આ બે વાત (આત્મા-પરમાત્માના જ્ઞાનની) મનમાં લાગી ગઈ હોય તેને ઇન્દ્રિયોને વિષયભોગોની ઇચ્છા રહી છે એ શલ્ય છે તે સર્વ નીકળી જાય. કહેતાં વિષયભોગમાંથી એની ઇન્દ્રિયોની વૃત્તિ નીકળીને એક ભગવાનમાં વળગે.''

૬. રાજનૈતિક દૃષ્ટાંતો

ભગવાન સ્વામિનારાયણના યોગમાં વન-વિચરણ દરમ્યાન તથા ધર્મધુરા ધારણ કર્યા બાદ ઘણા રાજા-મહારાજા તથા સરકારી-દરબારી પદવીધારીઓ પણ આવેલા. કેટલાકને ત્યાં શ્રીહરિએ ઘણો સમય પણ વિતાવેલો. ભગવાન સ્વામિનારાયણે તે વખતે જાણેલી-અનુભવેલી તેઓની રહન-સહન, રીતી-નીતિને પણ પોતાના દૃષ્ટાંતબોધમાં પસંદ કર્યાં છે.

રાજાશાહીમાં રાજવી હુકૂમતનો એક દબદબો હોય છે. આ રાજવૈભવી મિજાજને સારી રીતે ઓળખીને શ્રીહરિએ તેને દૃષ્ટાંતબોધમાં સ્થાન આપ્યું છે.

- **વચ.ગ.અં.૩૯** – "**જેમ** આ પૃથ્વીનો ચક્રવર્તી રાજા હોય ને તે રાજાનાં જે ગામડાં તે તો ગણાય એવાં હોય તો પણ તેની કેટલી મોટ્યપ જાણ્યામાં આવે છે! અને ભગવાનને તો એવાં બ્રહ્માંડની પણ ગણતી નથી. માટે ભગવાનની તો બહુ જ મોટ્યપ છે."
- **વચ.વર.૨** – "**જેમ** ચક્રવર્તી રાજા હોય તેનો હુકમ ખોટો કરીને જે રાજા ન હોય તેનો હુકમ ચલાવે, તો તે પુરુષ રાજાનો દ્રોહી કહેવાય. અને વળી જેમ કોઈક એવા કાગળ લખી લખીને મેલે જે, 'અમારો રાજા છે તે નાક-કાન વિનાનો છે અથવા હાથ-પગ વિનાનો છે.' એવી રીતે રાજાનું રૂપ સંપૂર્ણ હોય, તેને ખંડિત કરીને વર્ણવે તે રાજાનો દ્રોહી કહેવાય. **તેમ** ભગવાન છે તે કરચરણાદિક સમગ્ર અંગે કરીને સંપૂર્ણ છે અને લેશમાત્ર પણ કોઈ અંગે વિકળ નથી અને સદા મૂર્તિમાન જ છે, તેને અકર્તા કહેવા તથા અરૂપ કહેવા ને ભગવાન વિના બીજાં જે કાળાદિક તેને કર્તા કહેવા એ જ ભગવાનનો દ્રોહ છે."
- **વચ.અં.૨૫** – "**જેમ** કોઈક રાજા હોય તેના નામનો એક શ્લોક જ કોઈક કરી લાવે તો તેને ગામ આપે, **તેમ** ભગવાન, ગરીબ હોય ને શ્રદ્ધા સહિત જળ, પત્ર, ફળ, ફૂલ ભગવાનને અર્પણ કરે તો એટલામાં પણ રાજી થાય."

ભગવાન સ્વામિનારાયણના સંપર્કમાં અંગ્રેજ અધિકારીઓ પણ આવ્યા હતા. અંગ્રેજ પ્રશાસનમાં પદાધિકારીઓની સત્તામર્યાદાના જાણકાર શ્રીહરિ

તેમને પણ દૃષ્ટાંતરૂપે અપનાવી બોધ આપે છે:

- **વચ.અં.૨૮**–"**જેમ** ગવર્નર સાહેબને જાણ્યો છે જે એ સમગ્ર પૃથ્વીનો પાદશાહ(બાદશાહ, રાજા) છે ને બળિયો છે. તે જો તેનો એ ગરીબ સરખો હમેલિયો(પટાવાળો) આવ્યો હોય તો તેનો હુકમ મોટો રાજા હોય તે પણ માને ને તે જેમ કહે તેમ દોર્યો દોરાય. શા માટે જે, તે રાજાએ એમ જાણ્યું છે જે, 'બળિયો જે ગવર્નર સાહેબ તેનો એ હમેલિયો છે.' અને જેથી જે બળિયો તેની આગળ માન રહે નહીં. **તેમ** જેણે ભગવાને સમગ્ર ઐશ્વર્ય-સમૃદ્ધિના ધણી જાણ્યા હોય તો તેને સંતની આગળ માન કેમ રહે ?"

સાધના-માર્ગ એ મન સાથેનો સતત સંઘર્ષ છે, જેમાં માયિક ઇન્દ્રિયો તથા અંતઃકરણના જોર સામે જીવ અજ્ઞાનવશ નાદારી ન નોંધાવે તે માટે રાજનૈતિક દૃષ્ટાંત દ્વારા જ ભગવાન સ્વામિનારાયણ જણાવે છે કે –

- **વચ.ગ.મ.૧૨**–"**જેમ** રાજા હોય તે રાજનીતિના ગ્રંથ ભણીને પોતાના રાજ્યમાં પોતાનો હુકમ ચલાવે પણ રૈયતનો દબાવ્યો દબાય નહીં. અને જો રાજનીતિ ન જાણતો હોય તો તે વસ્તી હુકમ ન માને તેને મારવા જ માંડે, પછી પોતાનો દેશ હોય તે ઉજ્જડ થઈ જાય ને કાં તો કોઈ હુકમ જ માને નહીં તેણે કરીને પોતે દુખિયો થકો વર્તે. **તેમ** જીવ પણ જો રાજનીતિને જાણ્યા વિના કાયાનગરમાં હુકમ કરવા જાય તો એમાંથી સુખ થાય નહીં." (એ રાજનીતિ એટલે ઇન્દ્રિયો-અંતઃકરણને ભગવાન સંબંધી પંચવિષયમાં જોડી રાખતા શીખવું તે.)

વળી, પળે-પળનું જાણપણું રાખવું - સતત અંતર્દૃષ્ટિ સાથે આગળ વધવું એ સાધના માર્ગનો અનિવાર્ય અભ્યાસક્રમ છે. પોતાના સાધનાશીલ સંતોની આ બાબતને સદૃષ્ટાંત સમજાવતાં ભગવાન સ્વામિનારાયણ જણાવે છે કે –

- **વચ.ગ.અં.૯**–"જાણપણું છે તે ભગવાનના ધામનો દરવાજો છે. જેમ રાજાના ચાકર છે. તે રાજાના ઘરને દરવાજે ઊભા રહ્યા થકા કોઈ ચોર-ચકારને રાજા પાસે જવા દેતા નથી અને તે રાજાના ચાકરને એમ હિંમત રહે છે જે, 'કોઈ રાજા પાસે વિઘ્ન કરવા જાય તો તેના કટકા કરી નાંખીએ પણ કોઈ રીતે રાજા સુધી પૂગવા

દઈએ નહીં' એવી રીતે હિંમત સહિત ઢાલ, તલવાર બાંધીને ઊભા રહે છે. **તેમ** આ સર્વે સંત છે તે જાણપણારૂપ જે ભગવાનના ધામનો દરવાજો છે, ત્યાં ઊભા રહે છે અને એ જાણપણાને માંહી જે અક્ષરધામ તેમાં ભગવાન છે તેનાં દર્શન કરે છે ને તે ભગવાન ભેળું પોતાના હૃદયને વિષે ધન-સ્ત્રીઆદિક જે માયિક પદાર્થ તેને પેસવા દેતા નથી. અને કોઈ જોરે કરીને માયિક પદાર્થ હૃદયમાં પેસવા આવે તો તેનો નાશ કરી નાંખે છે, પણ કોઈ રીતે જે ઠેકાણે ભગવાન હૃદયમાં ધાર્યા છે તે ઠેકાણે પેસવા દેતા નથી અને શૂરવીરની પેઠે સાવધાન થકા ઊભા રહે છે.''

ભગવાનના યથાર્થ સુખનો અનુભવ કરવો તે ભક્તની સાચી કમાણી છે, ખરેખરી મિલકત છે. પોતાની આ અંગત જાગીરને કોઈપણ પરિસ્થિતિમાં સંભાર્યા કરવી એ ભક્તનું કર્તવ્ય છે. દૃષ્ટાંત સાથે ભગવાન સ્વામિનારાયણ આ વાતને **વચ.ગ.અં.૩૭**માં સમજાવતાં કહે છે કે –

- ''**જેમ** કોઈક મોટો રાજા હોય તેને પ્રારબ્ધાનુસારે તે અધિકાર છૂટી ગયો ને દરિદ્રપણું આવી ગયું, તેણે કરીને ખડધાન્ય (હલકું ધાન્ય) ખાવા મળે તથા કોઠાં, બોરાં, બાફેલી પીંપર્યો (પીંપરના ઝાડ પર થતું એક નાના ટેટા જેવું ફળ) ઈત્યાદિક જેવું-તેવું ખાવા મળે ત્યારે તેને ખાય, પણ મોરે જે પોતે ભારે ભારે મેવા ખાધા હોય તથા ભારે મૂલ્યવાળી ચીજો કોઈને ન મળે એવી મગાવીને ખાધી હોય તે સર્વે સાંભરી આવે. **તેમ** જેણે ભગવાનના સ્વરૂપનું સુખ તથા ભગવાનના ભજનનું સુખ પોતાના મનમાં એકવાર યથાર્થપણે જાણ્યું છે ને તેને પછી સમાગમનો યોગ ન રહ્યો તોપણ તે સુખને સંભારતો થકો જ સુખ-દુ:ખને પ્રારબ્ધાનુસારે ભોગવે પણ તે સુખને ભૂલી ન જાય.''

આ ઉપરાંત, વચનામૃત ગ.મ.૬૪, ગ.અં.૧૮ તથા ગ.અં.૩૯માં પણ વિશેષ રાજનૈતિક દૃષ્ટાંતોનો બોધરૂપે સમાવેશ થયો છે.

૭. ઐતિહાસિક અને પૌરાણિક દૃષ્ટાંતો

પોતાની બાળવયમાં જ ભગવાન સ્વામિનારાયણે વેદ, ઉપનિષદ, રામાયણ, મહાભારત વગેરે ઈતિહાસ ગ્રંથો અને પુરાણો આદિક શાસ્ત્રોનું

અધ્યયન કર્યું હતું. જીવનભર પણ તેઓ પોતાના વિચરણનાં જુદાં-જુદાં સ્થાનોએ પણ તેમણે આ શાસ્ત્રોની કથાનો અખાડો અહોરાત્ર ગુંજતો રાખ્યો હતો. હસ્તામલકવત્ શાસ્ત્રજ્ઞાન ધરાવતા શ્રીહરિ માટે શાસ્ત્રોનું રહસ્ય સહજ સિદ્ધ હતું. એટલે જ તેઓનાં ઉપદેશ વચનોમાં આ શાસ્ત્રોનો સાર અને શાસ્ત્રીય-પૌરાણિક-ઐતિહાસિક દૃષ્ટાંતો સહજતાથી વણાયેલાં અનુભવાય છે.

આધ્યાત્મિક માર્ગમાં સાચી-સવળી દિશામાં પ્રગતિ થાય તો જ નિશ્ચિત ધ્યેય સુધી પહોંચી શકાય છે. ભગવાન સ્વામિનારાયણે આ યથાર્થ સમજણની વાત રામાયણ જેવા ઇતિહાસ ગ્રંથમાંથી સીતાજીના દૃષ્ટાંત દ્વારા **વચ.ગ.અં. ૧૧** - જે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું પ્રિય વચનામૃત હતું - તેમાં સમજાવ્યું છે કે –

- "જાનકીજીને રામચંદ્રજીએ વનવાસ દીધો ત્યારે જાનકીજીએ અતિશય વિલાપ કરવા માંડ્યો. ત્યારે લક્ષ્મણજી પણ અતિશય દિલગીર થયા. પછી સીતાજી લક્ષ્મણજી પ્રત્યે બોલ્યાં જે, 'હું મારાં દુ:ખ સારુ નથી રોતી, હું તો રામચંદ્રજીનાં દુ:ખ સારુ રોઉં છું. શા માટે જે, રઘુનાથજી અતિ કૃપાળુ છે. તે લોકાપવાદ સારુ મને વનમાં મૂકી પણ હવે એમ વિચારતા હશે જે, સીતાને મેં વગર વાંકે વનમાં મૂકી છે. એમ જાણીને કૃપાળુ છે તે મનમાં બહુ દુ:ખ પામતા હશે. માટે રામચંદ્રજીને કહેજ્યો જે, સીતાજીને તો કાંઈ દુ:ખ નથી ને વાલ્મિકિ ઋષિના આશ્રમમાં જઈને સુખે તમારું ભજન કરશે. માટે તમે સીતાને દુ:ખે કરીને કાંઈ દુ:ખ પામશો મા.' એમ સીતાજીએ લક્ષ્મણજી સાથે કહી મોકલ્યું પણ કોઈ રીતે રામચંદ્રજીનો અવગુણ લીધો નહીં. **એવી રીતે** જે ભગવાન ને ભગવાનના ભક્તોનો કોઈ રીતે અવગુણ લે નહીં ને વૈરાગ્ય અને ધર્મ તે તો સામાન્યપણે હોય તો પણ જેની જાનકીજીના જેવી સમજણ હોય તેનો જ અતિશય પ્રીતિ કરીને સમાગમ કરવો."

રામાયણનાં અન્ય પાત્રો જેવાં કે હનુમાનજી અને લક્ષ્મણજીને પણ શ્રીહરિએ પોતાના દૃષ્ટાંતબોધમાં સમાવ્યાં છે :

- **વચ.ગ.પ્ર.૫૯** – "જેમ હનુમાનજીમાં અપાર બળ હતું પણ કોઈના જણાવ્યા વિના જણાણું નહીં, **(તેમ)** એ(ભક્ત) ભગવાનનો આવો

મહિમા જાણે છે તો એને ભગવાનને વિષે અસાધારણ હેત છે પણ એ જાણતો નથી.''

વળી, ભગવાન સ્વામિનારાયણે **વચ.જે.૨**માં હનુમાનજી તથા લક્ષ્મણજીનાં દૃષ્ટાંતે યતિપણાની વાત કરતાં જણાવ્યું છે કે –

- ''હનુમાનજીની પેઠે વિકારનો હેતુ સતે પણ જેનું અંતઃકરણ નિર્વિકાર રહે એવો જે હોય તે યતિ કહેવાય... (અને) લક્ષ્મણજીએ કહ્યું, 'હે મહારાજ! જાનકીજીનું સ્વરૂપ તે મેં નથી દીઠું ને મેં ચરણારવિંદ વિના બીજું સીતાજીનું કોઈ અંગ દેખ્યું નથી. અને સાંજે પગે લાગવા જતો ત્યારે ઝાંઝર દીઠાં હતાં, માટે મેં ઝાંઝર ઓળખ્યાં. એવી રીતે ચૌદ વર્ષ સુધી સેવામાં રહ્યા, પણ દૃષ્ટિએ કરીને જાનકીજીનું સ્વરૂપ એક ચરણારવિંદ વિના બીજું દીઠું નહીં. માટે એવો હોય તે યતિ જાણવો.''

ઈતિહાસ-ગ્રંથોની સાથે પુરાણ-ગ્રંથોના જનક, પ્રહ્લાદ, ભરત જેવા રાજાઓ તથા ઉદ્ધવ, ગોપીઓ જેવાં ભક્તોનાં દૃષ્ટાંતોને બોધરૂપે વારંવાર યાદ કર્યાં છે. રાજવ્યવહારમાં ચોટલી સુધી ડૂબેલા રહી નખશિખ નિર્લેપ રહેવું, એ ઉનાળાની બપોરે તારા ગણવા જેવું દુષ્કર છે, અશક્ય છે; પરંતુ ઉચ્ચ સંસ્કારો અને આધ્યાત્મિક ચારિત્ર્યમાં ધનકુબેર એવા ભારતમાં એવા કંઈક મણિ સમાન ગૃહસ્થ ભક્તો થઈ ગયા, જે એક ત્યાગીનો પણ આદર્શ બની શકે છે.

શ્રીમદ્‌ભાગવત પુરાણમાં પ્રસિદ્ધ એવા જનક રાજાના દૃષ્ટાંતે ભગવાન સ્વામિનારાયણ **વચ.વ૨.૨૦**માં જણાવે છે કે –

- ''**જેમ** જનક વિદેહી હતા તે પ્રવૃત્તિમાર્ગમાં હતા તોપણ નિર્વિકાર હતા. ને શુકદેવજીના પણ રાજા જનક ગુરુ કહેવાયા. (**એમ**) ઈન્દ્રિયોની વૃત્તિ અનુલોમપણે વર્તતી હોય અને પ્રવૃત્તિમાર્ગમાં રહ્યો હોય તોપણ રાજા જનકની પેઠે જેના હૃદયમાં સમજણની દૃઢતા થઈ હોય. તો તે કોઈ રીતે વિકારને પામે નહીં.''

બાળવયમાં જ મૂલ્યવાન ગર્ભસંસ્કારથી સંસ્કારિત થઈ ભગવન્નિષ્ઠ બનેલા પ્રહ્લાદની અવિચળ ભક્તિ અને સમજણની પણ ભગવાન સ્વામિનારાયણ **વચ.લો.૩**માં દૃષ્ટાંતરૂપે યાદ કરે છે :

- ''પ્રહ્લાદ જે તે નૃસિંહજી પ્રત્યે બોલ્યા જે, 'હે મહારાજ! હું તમારા

વિકરાળ રૂપથી નથી બીતો ને તમે જે મારી રક્ષા કરી તેને હું રક્ષા નથી માનતો ને તમે જ્યારે મારા ઇન્દ્રિયોરૂપ શત્રુના ગણ થકી રક્ષા કરશો, ત્યારે હું રક્ષા માનીશ.' **માટે** જે ભગવાનનો ભક્ત હોય તે દૈહિક રક્ષા ભગવાન કરે તેણે કરીને હર્ષ ન પામે ને રક્ષા ન કરે તેણે કરીને શોક ન કરે અને અલમસ્ત થકો ભગવાનને ભજે.''

મોક્ષમાર્ગે માયા સામે સતત બાથ ભીડીને સાધના કરતા મુમુક્ષુને અચંબો પમાડે અને આંતરખોજ કરાવે તેવા ભરત રાજાના જીવનને ભગવાન સ્વામિનારાયણ 'ચમત્કારી આખ્યાન' તરીકે ગણાવે છે. શ્રીમદ્‌ભાગવતના આ આખ્યાનનું ભગવાન સ્વામિનારાયણ વનવિચરણ દરમ્યાન નિત્ય સ્મરણ કરતા. એવા ભરતજીના દૃષ્ટાંતે **વચ.ગ.અં.૧૭**માં સમજાવે છે કે –

- ''શ્રીમદ્‌ભાગવતમાં જેવું ભરતજીનું આખ્યાન ચમત્કારી છે. તેવી તો કોઈ કથા ચમત્કારી નથી. કેમ જે ભરતજી તો ઋષભદેવ ભગવાનના પુત્ર હતા અને ભગવાનને અર્થે સમગ્ર પૃથ્વીનું રાજ્ય ત્યાગ કરીને વનમાં ગયા હતા અને ત્યાં ભગવાનનું ભજન કરતા થકાં મૃગલીના બચ્ચાને વિષે પોતાને હેત થયું. ત્યારે તે મૃગને આકારે પોતાના મનની વૃત્તિ થઈ ગઈ. પછી એવા મોટા હતા તોપણ તે પાપે કરીને મૃગનો અવતાર આવ્યો. **માટે** અનંત પ્રકારનાં પાપ છે પણ તે સર્વ પાપ થકી ભગવાનના ભક્તને ભગવાન વિના બીજે ઠેકાણે જે હેત કરવું તે અતિ મોટું પાપ છે.''

ભગવાનને તત્ત્વતઃ જાણીને તેઓના ચરિત્રને શંકાના કીચડથી અભડાવ્યા વિના તેઓના દિવ્ય-નિર્દોષ સ્વરૂપનો આનંદ લેવો તે ભક્તના હૃદયની મહિમાવંત ભક્તિ છે. વળી, ભગવાન સાથે સંબંધવાળા ભક્તોની દાસભાવે મહિમાપૂર્ણ મોટપ સમજી તેમની ચરણરજ થવાની તત્પરતા એ પૌરાણિક કૃષ્ણભક્ત ઉદ્ધવજીની યાદ અપાવે છે.

વચ.ગ.મ.૧૭માં શ્રીહરિ ઉદ્ધવજીના દૃષ્ટાંતે સમજાવે છે કે –

- ''જ્યારે ભગવાન કુબ્જાને ઘેર ગયા ત્યારે ઉદ્ધવજીને ભેળા તેડી ગયા હતા તો પણ ઉદ્ધવજીને કોઈ રીતે સંશય થયો નહીં અને જ્યારે ઉદ્ધવજીને વ્રજમાં મોકલ્યા ત્યારે ગોપીઓની વાણી સાંભળીને પણ કોઈ રીતે સંશય ન થયો અને સામું ગોપીઓનું માહાત્મ્ય

અતિશય સમજ્યા. માટે જેને ભગવાનનો અચળ આશ્રય થયો હોય અને તે અતિશય શાસ્ત્રવેત્તા હોય અથવા ભોળો જ હોય પણ તેની મતિ ભ્રમે નહીં. અને ભગવાનના જે દૃઢ ભક્ત હોય તેનું જે માહાત્મ્ય તે પણ ભગવાનનો ભક્ત હોય તે જ જાણે.''

શ્રીમદ્ભાગવતની શરૂઆતમાં ભાગવત માહાત્મ્યના અધ્યાય આવે છે, તેમાં ગોપીઓની ભક્તિની વાત કરતાં લખાયું છે કે –

न तपोभिर्न वेदैश्च न ज्ञानेनापि कर्मणा ।
हरिर्हि साध्यते भक्त्या प्रमाणं तत्र गोपिकाः ॥ (૨/૧૮)

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ જ્યારે જ્યારે ભક્તિ વિષયક વાત કરતા ત્યારે આ શ્લોકને વારંવાર યાદ કરી ગોપીઓની ભક્તિને બિરદાવતા. ભગવાન સ્વામિનારાયણે પણ ગોપીઓની સમજણ સહિતની ભક્તિને યાદ કરી વારંવાર દૃષ્ટાંતરૂપે તેઓનો ઉલ્લેખ અનેક વચનામૃતમાં કર્યો છે.

- **વચ.કા.૧૧** – ''જેને પોતાના પ્રિયતમ જે ભગવાન તેને વિષે પ્રીતિ હોય તે પોતાના પ્રિયતમની મરજીને લોપે નહીં એ પ્રીતિનું લક્ષણ છે. જો ગોપીઓને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે પ્રીતિ હતી, તો જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન મથુરા જવા તૈયાર થયા, ત્યારે ગોપીઓ સર્વે મળીને એમ વિચાર કર્યો જે, 'આપણે કુટુંબની તથા લોકની લાજનો ત્યાગ કરીને ભગવાનને જોરાઈએ રાખીશું.' પછી ચાલવા સમે શ્રીકૃષ્ણ ભગવાનના નેત્ર સામું જોયું ત્યારે ભગવાનની રહ્યાની મરજી દેખી નહીં, ત્યારે સર્વે ડરીને છેટે રહિયો અને અંતરમાં એમ બીનિયો જે, 'જો આપણે ભગવાનના ગમતામાં નહીં રહીએ તો ભગવાનને આપણા ઉપરથી હેત ઊતરી જશે.''

  ''માટે હેતનું એ જ રૂપ છે જે, 'જેને જે સાથે હેત હોય તે તેની મરજી પ્રમાણે રહે.''

આ ઉપરાંત, વચ.વર.૪, ગ.મ.૧૭, ગ.મ.૧૯, ગ.મ.૬૨માં ભગવાન સ્વામિનારાયણે ગોપીઓના દૃષ્ટાંતે ભક્તિનો મહિમા કહ્યો છે.

આમ, શ્રીહરિએ પોતાના જીવનકાળ દરમ્યાન પોતાની આસપાસના જનસમુદાયમાંથી જોયેલાં-જાણેલાં-સાંભળેલાં એવાં કંઈક વૈવિધ્યપૂર્ણ દૃષ્ટાંતો દ્વારા બોધ આપી, પોતાના ઉપદેશને સમજવો-સ્વીકારવો સહજ બનાવ્યો છે.

૨

પ્રાસંગિક દૃષ્ટાંતબોધ

ભગવાન સ્વામિનારાયણે અપનાવેલા દૃષ્ટાંતબોધની શૈલીનું એક બીજું સોપાન એટલે વાસ્તવિક જીવન-પ્રસંગોને દૃષ્ટાંતરૂપે વર્ણવી અસરકારક બોધ આપવો. જેમાં પોતાના સ્વાનુભવના પ્રસંગો પણ છે તથા સમકાલીન સંતો, ભક્તો વગેરે વ્યક્તિઓના પ્રસંગો પણ છે. પ્રસંગને જ્યારે દૃષ્ટાંતરૂપે માધ્યમ બનાવી બોધ આપવામાં આવે છે ત્યારે તે પ્રસંગની સાથે તેમાંથી નિષ્પન્ન થતો બોધ પણ શ્રોતાઓને સુસ્પષ્ટ રીતે સમજાઈ જાય છે. આ એક અનોખી તાકાત છે, પ્રાસંગિક દૃષ્ટાંતબોધની.

વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણે જે પ્રસંગોનો દૃષ્ટાંતરૂપે ઉપયોગ કર્યો છે, તેમાંથી કેટલાકને મર્યાદિત વર્ણન દ્વારા જાણીશું-સમજીશું...

- **વચ.ગ.પ્ર.૧૦**માં ભગવાન સ્વામિનારાયણ જ્યારે નીલકંઠવર્ણી વેષે વન-વિચરણ કરી રહ્યા હતા ત્યારે દક્ષિણ ભારતમાં તેઓને મળેલા સેવકરામ નામના સંન્યાસી સાથેના પ્રસંગનો ઉલ્લેખ કરે છે. વર્ણી અને સેવકરામ, વ્યક્તિત્વના બે અંતિમો કહી શકાય. નીલકંઠવર્ણીને સાધુ-સંન્યાસી પ્રત્યે આદર, વિદ્વત્તાની કદર, રોગીની સાચા અર્થમાં યોગ્ય સંભાવના કરવી તેવી સાહજિક વૃત્તિ અને સામે પક્ષે નામ સેવકરામ છતાં નામ અને કામ વચ્ચે વિરોધાભાસ. અપેક્ષાથી વધુ અને અપેક્ષાના અંશ રહિત સેવા કરનારની કદર કરવા પ્રત્યે સેવકરામ તદ્દન હરામવૃત્તિના હતા.

સેવકરામના આ પ્રસંગને દૃષ્ટાંતરૂપે સંબોધી ભગવાન સ્વામિનારાયણ વિવેકબોધ આપે છે કે – "એવી રીતે જે મનુષ્ય કર્યા કૃતને ન જાણે તેને કૃતઘ્ની જાણવો." (તેનો ત્યાગ કરવો). સાથે સાથે એ પણ જણાવે છે કે –"કોઈક મનુષ્યે કાંઈક પાપ કર્યું અને તેણે તે પાપનું યથાશાસ્ત્ર પ્રાયશ્ચિત્ત કર્યું અને વળી તેને તે પાપે યુક્ત જે કહે તેને પણ કૃતઘ્ની જેવો પાપી જાણવો."

શ્રીહરિએ એક જ પ્રસંગ દ્વારા કૃતઘ્નતાના બે ચેહરાનાં દર્શન કરાવી મર્મસભર બોધ આપ્યો છે.

■ શ્રીહરિએ વચનામૃતમાં પક્ષની સુંદર વિભાવના કરી છે. ગુણાતીત સંત પરંપરા જે સંપ-સુહૃદભાવ-એકતાની વાત કરે છે તેને શ્રીહરિ 'પક્ષ' તરીકે સંબોધે છે. ખરેખરા સત્સંગીના જીવનમાં નિયમ-નિશ્ચય સાથે પક્ષની ત્રિવેણી શ્રીહરિને અભિપ્રેત છે. સત્સંગી હરિભક્ત પોતાનાં સગાં-વહાલાં અથવા મા-બાપનો જેવો પક્ષ રાખે તેવો ભગવાનના ભક્તનો પક્ષ રાખે તે શ્રીહરિને ગમે છે. અને જો આમ ન થાય તો શ્રીહરિ **વચ.ગ.મ.૬૦**માં પ્રસંગ વર્ણવતાં કહે છે કે –

એક સમે પૂર્વ દેશમાં (જગન્નાથપુરીમાં) તેઓ નાગડા બેરાગીની જમાત ભેળા હતા તે બધાએ તેમને તાંદળજાની ભાજી તોડવા કહેલું. આથી, શ્રીહરિએ 'એમાં જીવ છે તેથી અમે નહીં તોડીએ' તેમ કહી ના પાડતાં કો'કે તેમને ડારો દીધો, છતાં પોતાના દયાળુ સ્વભાવને કારણે શ્રીહરિએ આ કાર્ય ન જ કર્યું. આટલો પ્રસંગકથન વર્ણવીને અંતે તેઓ કહે છે કે –

"એવો અમારો દયાવાળો સ્વભાવ છે; તો પણ જો કોઈક ભગવાનના ભક્તને ક્રૂર દૃષ્ટિએ કરીને જોતો હોય ને તે જો પોતાનો સગોવહાલો હોય તોય પણ જાણીએ જે, તેની આંખ્ય ફોડી નાંખીએ અને હાથે કરીને જો ભગવાનના ભક્તને દુખવે તો તે હાથને કાપી નાંખીએ, એવો તેનો અભાવ આવે છે પણ ત્યાં દયા નથી રહેલી."

દયાળુ છતાં ભક્તના વિરોધી સામે કાંઈપણ કરી છૂટવાની ઊંચી-અનેરી ભક્તવત્સલતાનાં દર્શન શ્રીહરિના પોતાના જીવન પ્રસંગ દ્વારા થાય છે.

■ અજ્ઞાની જીવનો મોટો અવિવેક એ છે કે પરમેશ્વર થકી બીજું કાંઈ સાર તત્ત્વ નથી તોપણ પરમેશ્વરમાં દૃઢ પ્રીતિ થતી નથી. ભગવાન સ્વામિનારાયણ આ વાસ્તવિકતાને **વચ.ગ.અં.૧૪**માં પ્રત્યક્ષ જોયેલા એક શિવભક્ત કાયસ્થના પ્રસંગ દ્વારા નિરૂપીને ઉપરોક્ત અવિવેકનાં મૂળ સુધી લઈ જાય છે.

ભગવાન સ્વામિનારાયણે બાળપણનાં છ વર્ષ અયોધ્યામાં વીતાવેલાં. પોતાના નિવાસસ્થાનથી નજીક એક શિવમંદિર (આજે પણ વિદ્યમાન છે) હતું. ક્યારેક ત્યાં બપોરે આરામ કરવા જતા. એક કાયસ્થ ભક્તને નિત્ય પૂજા-પ્રાર્થના કરતા જોતા. મનુષ્ય દેહમાં વિષયભોગની પોતાની ઇચ્છાઓ અતૃપ્ત રહેતાં વારંવાર લંબકર્ણનો અવતાર મળે તેમ પ્રાર્થના કરે. તેની આ પરિસ્થિતિનું વર્ણન કરતાં ભગવાન સ્વામિનારાયણ કહે છે કે – "**એવી રીતે** આ જીવના હૃદયમાં પાપરૂપ વાસના થાય છે, માટે એને કોઈ રીતે પરમેશ્વરમાં પ્રીતિ થતી નથી."

■ અક્ષરધામમાં જવા આજ્ઞા-ઉપાસના બે પાંખો છે, તે આપણે જાણીએ છીએ. આજ્ઞાનો આધાર ઉપાસના કહેતાં ભગવાનના માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય ઉપર રહેલો છે. યથાર્થ નિશ્ચય હોય ત્યારે વચનમાં ફેર પડે નહીં. પોતાના આ હૃદયગત સિદ્ધાંતને પોતાના જ જીવન પ્રસંગ દ્વારા **વચ.લો.૩**માં જણાવતાં ભગવાન સ્વામિનારાયણ કહે છે કે –

"અમારો સ્વભાવ કેવો હતો? તો ગોદોહન-માત્ર એક સ્થાનકમાં રહેવાય પણ વધુ રહેવાય નહીં, એવા ત્યાગી હતા અને વૈરાગ્ય અતિશય હતો ને શ્રીરામાનંદ સ્વામી ઉપર હેત પણ અસાધારણ હતું. તો પણ સ્વામીએ ભુજનગરથી કહી મોકલ્યું જે, 'જો સત્સંગમાં રહ્યાનો ખપ હોય તો થાંભલાને બાથ લઈને પણ રહેવું પડશે,' એમ મયારામ ભટ્ટે આવીને કહ્યું ત્યારે અમે થાંભલાને બાથ લીધી. ત્યાર પછી તેમણે કહ્યું જે, 'મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહો.' પછી અમે સ્વામીનાં દર્શન થયા મોર નવ મહિના સુધી મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહ્યા. એવે લક્ષણે કરીને જેને સંતનો અને

ભગવાનનો એવો નિશ્ચય હોય તેને જાણીએ.''

'આજ્ઞાપાલન એ યથાર્થ નિશ્ચયની પારાશીશી છે' એ દૃષ્ટાંતબોધ ઉપરોક્ત પ્રસંગના માધ્યમથી જણાય છે.

- ભગવાન સ્વામિનારાયણ ને ગુણાતીત સંતપરંપરા સામે જોઈએ છીએ, ત્યારે તેમણે આચરણ સાથે ઉપદેશ આપ્યો છે. સ્વયં સિદ્ધ હોવા છતાં વાતો સાથે વર્તનની જુગલબંધી તેઓના જીવનમાં જોઈ શકાય છે. ભગવાન સ્વામિનારાયણે અંતર્દૃષ્ટિનો ખૂબ મહિમા કહ્યો છે. **ગ.અં.૯**માં જણાવે છે કે – ''અંતર સન્મુખ દૃષ્ટિ રાખીને નિરંતર ભગવાનની સેવામાં રહેવું અને ભગવાન વિના બીજા પદાર્થ વહાલા થવા દેવા નહીં. એ વાતની અતિશય સાવધાની રાખવી.''

  સેવા-પ્રવૃત્તિમાં જરૂર પડે જોડાઈ, તેનો અવધિ પૂર્ણ થતાં, જેમ કાચબો પોતાનાં અંગ સમેટી લે તેમ સેવા-પ્રવૃત્તિમાંથી વિચાર સાથે **વચ.ગ.મ.૩૯** મુજબ અલિપ્ત થઈ જવું, તે બાબતને શ્રીહરિ **વચ.ગ.મ.૨૨**માં પોતાના વૃત્તાંત દ્વારા સમજાવે છે.

  અમદાવાદમાં શ્રીહરિએ મંદિર સ્થાપીને કરેલો ભવ્ય ઉત્સવ સંપ્રદાયના ઇતિહાસની એક મહાન ઘટના હતી. પરંતુ આ ઉત્સવ પછી ઉત્સવને વિસારવાની શ્રીહરિની વિશેષતા આ વચનામૃતમાં પડઘાય છે. પ્રતિષ્ઠા થઈ રહી, બ્રાહ્મણોની ચોરાસી પૂર્ણ થઈ, પછી શ્રીહરિ ત્યાંથી ચાલી નીકળ્યા. જેતલપુરમાં રાત્રિ રોકાણ દરમ્યાન તેમણે વિચાર કર્યો કે જેટલાં માણસ - પ્રવૃત્તિ દેખ્યાં તે વિસારી દેવાં. ત્યાંથી ધોળકા થઈ કોઠ પાસે ગણેશ ધોળકાની રાણ્યોમાં જઈ શ્રીહરિએ ઊંડી અંતર્દૃષ્ટિ કરી અને દેહનું ભાન ભૂલી સર્વે પ્રવૃત્તિ વિસારી મૂકી, અને જાણે 'કાંકરિયે તળાવ ઊતર્યા નહોતા અને મેળો પણ ભરાયો નહોતો ને ત્યારે કોઈ જાતનો ઘાટ નહોતો' એમ સર્વે ઘાટ ટાળી નાંખ્યા. આ બધો જ ઘટનાક્રમ આપણને આજે પણ પ્રેરણા આપે છે.

  શ્રીહરિના આ વૃતાંત માટે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ કહેતા કે 'અમદાવાદના પ્રસંગ દ્વારા મહારાજે બ્રહ્માંડના બધા (મનુષ્યો) માટે સુખિયા થવાનો વિચાર આપ્યો છે, તેથી સુખ-શાંતિ રહે ને

કામમાં સરળતા થાય.'

- પૂર્ણકામપણું એ ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિનો પર્યાય છે. તેમાં જેટલી કસર-કચાશ હોય તેટલી સ્થિતિમાં ફેર પડે છે. શ્રીહરિને પોતાના ભક્તમાં કોઈ પ્રકારે ન્યૂનતા ન રહી જાય તેનો ખટકો છે. **વચ. ગ.પ્ર.૨૫**માં જણાવે છે કે ''પૂર્ણકામપણું તો આત્મનિષ્ઠા ને ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન તેણે કરીને થાય છે. એ બે વાનાં તો ભગવાનના ભક્તને દૃઢપણે સાધવાં. એ બેમાં જેટલી ખામી રહે તેટલી સમાધિમાં પણ નડે છે.''

  આ વિધાનને ભગવાન સ્વામિનારાયણ પ્રસંગ દ્વારા સમજાવે છે. તેમણે મેઘપુરનાં ભાટ જ્ઞાતિના બાઈ હરિભક્ત લાડકીબાઈને સમાધિ કરાવેલી. લાડકીબાઈને સમાધિમાં અતિશય તેજ દેખાણું. પોતે સહન ન કરી શકવાથી ચીસો પાડવા માંડ્યા, 'હું બળું છું.' ભગવાન સ્વામિનારાયણે લાડકીબાઈને યથાર્થ આત્મજ્ઞાન ન હોવાથી સમાધિમાં તેઓને દેહ- આત્મા જુદા છે તેનું સ્વરૂપ અછેદ્ય અભેદ્ય છે, વગેરે... ઉપદેશ આપ્યો. આમ, આ પ્રસંગને દૃષ્ટાંતરૂપે સંબોધી શ્રીહરિ કોઈપણ સાધક સાધના માર્ગે અધૂરપ ન રાખે તે વિષે સૌને સભાન કરે છે.

- શ્રીહરિએ જેમ પોતાના ભક્તોમાં કોઈ ખામી ન રહી જાય તેની તકેદારી રાખી છે, તેમ જ પોતાના ભક્તોની ઉચ્ચ સ્થિતિ અન્યને જણાવવાની ખાનદાની પણ દાખવી છે. ભક્તોના ગુણો જોવા-સાંભળવા અને યોગ્ય સમયે સંભારીને કહેવા તે તેમને ગમતું.

  ભગવાન સ્વામિનારાયણ ધરમપુરનાં બાઈ ભક્તરત્ન કુશળ-કુંવરબાને સંભારે છે. અને તેઓની દર્શન-કળાને કે જે તેઓનો ભક્તિમય ગુણ હતો તેને બિરદાવે છે. કુશળકુંવરબાના આમંત્રણથી શ્રીહરિ ધરમપુર પધારેલા. પરમચૈતન્યાનંદ સ્વામીના વર્તનથી કુશળકુંવરબાને સત્સંગ થયો હતો. તેમણે સંતો-ભક્તો માટે પોતાના રાજ્યના ભંડાર ખુલ્લા મૂકેલા. રોજ નવી રસોઈ થાય. શ્રીહરિએ તેમના હાથનો થાળ અંગીકાર કરેલો. વળી, તે બાઈ ભક્તે શ્રીહરિને ચરણે પોતાના ૫૦૦ ગામનું રાજ્ય ધરેલું. જેનો શ્રીહરિએ

અનાસક્ત ભાવે ત્યાગ કરેલો. પોતાના માત્ર એક જ વખતના યોગમાં બનેલા આ પ્રસંગ દ્વારા કુશળકુંવરબાઈની વાત કરતાં સભાને ભગવાન સ્વામિનારાયણ **વચ. સા.૨**માં સંબોધે છે કે –

"**જેમ** ધર્મપુરનાં કુશળકુંવરબાઈ હતાં તે અમારાં દર્શન કરતાં જતાં હતાં ને દૃષ્ટિ પલટાવીને મૂર્તિને અંતરમાં ઉતારતાં; **તેમ** દર્શન તો મનેયુક્ત દૃષ્ટિને એકાગ્ર રાખીને કરવાં, પણ જેમ બીજાં દર્શન કરે તેમ ન કરવાં."

- સદ્‌ગુરુવર્ય નિષ્કુળાનંદ સ્વામી પોતાના ગ્રંથ 'ધીરજખ્યાન'માં લખે છે કે *'કસ્યા વિના કોઈ વસ્તુ, ખરે ખપે નથી આવતી.'* કોઈપણ વ્યક્તિ કે વસ્તુની અમૂલ્યતા તેની ચકાસણીથી જણાય છે અને ખરે ટાણે જ તેનો ઉજાસ ઓળખાય છે.

કારિયાણી ગામના માંચાખાચરના પ્રસંગને યાદ કરી ભગવાન સ્વામિનારાયણે **વચ.ગ.મ.૩૮**માં ક્ષુલ્લક ઈચ્છાઓ-કામનાઓ માટે જંત્ર-મંત્રમાં અટવાનારને સત્સંગી છતાં અર્ધો વિમુખ કહીને તેની સામે એક યથાર્થ ભગવાનના ભક્તનો પરિચય કરાવે છે. માંચા ભક્ત સત્સંગ થયા પૂર્વે માર્ગીના પંથમાં (પ્રાચીન ધર્મપંથ) હતા છતાં પોતાને ઘેર કોઈક કીમિયાગરે (રાસાયણિક પ્રક્રિયાથી વસ્તુ મૂલ્યવાન બનાવવાની કળા જાણનાર) ત્રાંબામાંથી રૂપું કરી દેખાડ્યું. માંચાભક્તને તે વિદ્યા શીખવવા તૈયાર હતો, છતાં તેઓ તેમાં ન લોભાઈને તે વ્યક્તિને ગામ બહાર લાકડી લઈને કાઢી મૂકે છે. ભગવાન વિના બીજું કાંઈ તેઓને પ્રધાન નહોતું. સત્સંગ થયા બાદ તેઓ એકાંતિક ભક્ત થયા.

પદાર્થને હડસેલી પરમેશ્વરને કાયમ પ્રધાન રાખનાર આવા ભક્તરાજના દૃષ્ટાંતરૂપ આ પ્રસંગથી ભગવાન સ્વામિનારાયણ સાચા સત્સંગીની ઓળખાણ કરાવે છે.

- ભગવાન સ્વામિનારાયણ **વચ.ગ.પ્ર.૭૪**માં કહે છે કે –

"જેને જેટલો વૈરાગ્ય હોય અને જેને જેટલી સમજણ હોય તે તો જ્યારે કોઈ વિષયભોગની પ્રાપ્તિ થાય અથવા જ્યારે કોઈ આપત્કાળ આવી પડે ત્યારે કળાય, પણ તે વિના કળાય નહીં. આ

દાદાખાચરને થોડું જ આપત્કાળ જેવું આવ્યું હતું. તેમાં પણ જેનું અંતઃકરણ જેવું હશે તેવું સૌને જણાણું હશે.''

ભગવાન સ્વામિનારાયણના આ વિધાન પાછળ પ્રસંગ એમ બનેલો છે કે, ગઢડાના જીવાખાચર જે દાદાખાચરના કાકા હતા, જેમણે જ પ્રથમ વાર ભગવાન સ્વામિનારાયણને ગઢડામાં પધરાવેલા અને તેમની સેવા કરેલી. પરંતુ પાછળથી તેમની મતિ બદલાતાં દાદાખાચર પ્રત્યે ઈર્ષ્યાભાવ જાગ્યો હતો. આ અને અન્ય ઘણાં કારણોને લીધે દાદાખાચરના વ્યવહારમાં ઘણી ઉપાધિ આવેલી. પરંતુ ઉપાધિઓ વચ્ચે પણ દાદાખાચરની નિષ્ઠા પર્વતપ્રાય હતી.

મંદ, મધ્યમ અને તીવ્ર શ્રદ્ધાવાળાનાં અંતઃકરણ આપત્કાળે કેવાં હોય છે? તેનું પોત સમયે જ પ્રકાશે છે. જે સમજાવવા ઉપરોક્ત પ્રસંગને મનમાં રાખી તેના દૃષ્ટાંતે શ્રીહરિએ સમજણનો બોધ આપ્યો છે.

- મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી પોતાની વાતમાં જણાવે છે કે ''સંસાર મૂકીને ત્યાગી થાય તે દુઃખમાત્રને ટાળીને સુખિયો થઈ જાય, પણ ત્યાગી થયા પછી પણ વાસનાનું દુઃખ રહે છે, તે વાસના લોભની, કામની, સ્વાદની, સ્નેહની અને માનની છે. તે વાસના ટળે તેમ તેમ સુખિયો થાય છે.''

એ વાત સાચી છે કે ત્યાગીને ગૃહસ્થ જેટલી સાંસારિક વિટંબણા નથી હોતી, પરંતુ અનાદિ કાળથી ઘર કરી ગયેલા આંતરિક દોષો સાથે સતત ઝઝૂમવાનું હોય છે અને આ દોષો જ જો જાણપણું ન રાખીએ તો બહાર મોટા વિક્ષેપ ઊભા કરે છે.

શ્રીહરિ પોતાના ભક્ત-વર્ગમાં અહં-મમત્વરૂપી માયાનો કજિયો રહેવા દેવા નથી માંગતા. તે માટે પોતાના બે વરિષ્ઠ સંતશિષ્યોનું ઉદાહરણ સૌની સામે ધરે છે. જો કે એ બંને વરિષ્ઠ સંતશિષ્યો - મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીનું ચરિત્ર સર્વશ્રેષ્ઠ અને સૌ કોઈ માટે સદીઓ સુધી પ્રેરણાઓ આપતું રહે તેવું છે. છતાં પણ શ્રીહરિએ તેમની વચ્ચે બનેલા એક પ્રસંગનું નિમિત્ત લઈને સૌને બોધ આપ્યો છે.

સંવત ૧૮૭૭ના દિવાળી પછીના શુભ દિવસોમાં લાભ પાંચમીના

દિવસે જ સદ્. મુક્તાનંદ સ્વામી સાથે સદ્. બ્રહ્માનંદ સ્વામીને થયેલા અણબનાવને યાદ કરી **વચ.કા.૯**માં દૃષ્ટાંત તરીકે માધ્યમ બનાવી અંતર્દૃષ્ટિયુક્ત બોધ આપે છે.

પ્રસંગ કાંઈક એવો છે કે, સદ્. બ્રહ્માનંદ સ્વામીના લહિયા વાસુદેવાનંદ મુનિને સદ્. બ્રહ્માનંદ સ્વામી સાથે કોક બાબતે અણબનાવ થતાં એકડમલ થઈ સત્સંગ છોડવા તૈયાર થયા. સદ્. મુક્તાનંદ સ્વામીને જાણ થતાં તેને સમજણ આપી પોતાના મંડળમાં રાખ્યા. હેતુ એટલો જ કે એક જીવનું સત્સંગમાંથી પતન ન થઈ જાય. તેનું રૂડું થાય તેવો જ વિચાર. પણ, બ્રહ્માનંદ સ્વામીને તે યોગ્ય ન લાગ્યું અને મુક્તાનંદ સ્વામી સાથે અબોલા લીધા. શ્રીહરિને તેની જાણ થતાં બ્રહ્માનંદ સ્વામીને મર્મસભર વાણીમાં ઉપદેશ આપ્યો. બ્રહ્માનંદ સ્વામી પણ ઉચ્ચ કોટિના સંત હતા. તેમણે તરત જ મમત્વ છોડીને મુક્તાનંદ સ્વામીની માફી માંગી - દંડવત કર્યા. આ પ્રસંગનું અનુસંધાન રાખી શ્રીહરિ ભગવાનના ભક્ત સાથે રિસામણું ન થાય તે માટેનો બોધ આપતાં જણાવે છે કે –

“જેના હૈયામાં ભગવાનની ભક્તિ હોય ને ભગવાનનો મહિમા જાણતો હોય તેને ભગવાનના ભક્તનો અવગુણ આવે જ નહીં અને ભક્ત ઉપર રીસની આંટી બંધાય જ નહીં.”

આમ, ભગવાન સ્વામિનારાયણે પોતાની પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ હાજરીમાં બનેલા આવા કંઈક-કેટલાય પ્રસંગોને પોતાના દૃષ્ટાંતબોધમાં આવરી લીધા છે, જેમાંથી કેટલાકનું આચમન કર્યું. સાથે-સાથે શ્રીહરિએ કેટલીય પુરાણ-ઈતિહાસ કથાઓને પણ દૃષ્ટાંતબોધ માટે પસંદ કરી છે, જેમાંથી અહીંયાં કેટલાકનો ઉલ્લેખમાત્ર ઇચ્છનીય છે. જેમ કે, નારદજીને તુંબરું સાથે ઈર્ષ્યા (લિંગમહાપુરાણ, વચ.ગ.પ્ર.૪), શિવજી મોહિની સ્વરૂપમાં મોહ પામ્યા (ભાગવત, ગ.પ્ર.૨૩,૭૩; લો.૧૩), શ્રીકૃષ્ણે સાંદીપનિ બ્રાહ્મણના પુત્રને સજીવન કર્યો (ભાગવત, ગ.પ્ર.૨૯), ભરતજીને મૃગશાવકમાં બંધન (ભાગવત, ગ.અં.૧૭), સીતાજીએ રામનો અવગુણ ન લીધો (રામાયણ, ગ.અં.૧૧), યુધિષ્ઠિરને ગ્લાનિ થઈ (મહાભારત, ગ.મ.૯) વગેરે.

3

વેધક અને વ્યવહારુ દૃષ્ટાંતો

'મનુષ્ય' એ આ સૃષ્ટિનું શ્રેષ્ઠ સર્જન છે. મનુષ્ય છે ત્યાં સ્વભાવ પણ છે અને જ્યાં સ્વભાવ હોય ત્યાં પ્રશ્ન હોય તે નિર્વિવાદ વાત છે. સ્વભાવ એ અનાદિ અજ્ઞાન છે, જેના નિવારણ માટે જ ભગવાન સ્વામિનારાયણ આ લોકમાં પધાર્યા અને ગુણાતીત સંત દ્વારા પ્રગટ રહ્યા છે.

સ્વભાવવશ મનુષ્યને મૂંઝવતા-પજવતા પ્રશ્નોને જડ-મૂળથી ઉખેડવાની કળા પરમાત્માને હસ્તગત હોય જ; કારણ કે તેમને સ્વભાવનો જ યથાર્થ પરિચય છે. પોતાનાં વચનામૃતોમાં મનુષ્યોના એવા સ્વભાવોનો નિર્દેશ કરીને તેમણે વ્યવહારુ અને વેધક દૃષ્ટાંતો દ્વારા સચોટ આધ્યાત્મિક બોધ આપ્યો છે. જુઓ કેટલાંક ઉદાહરણો :

- જ્ઞાન સિદ્ધ થવું અત્યંત દુષ્કર છે, પરંતુ તે સંભવિત છે – જો તે માટે કટિબદ્ધ થઈએ તો. તે સમજાવવા શ્રીહરિ **વચ.ગ.અં.૩૯**માં મનુષ્ય સ્વભાવનું સુંદર ઉદાહરણ આપે છે :

  "જેમ કોઈક શૂરવીર ને આકરો માણસ હોય ને તેનો કોઈક પ્રતિપક્ષી હોય, તેણે તેનો બાપ મારી નાખ્યો હોય તો તેની તેને બહુ દાઝ્ય થાય ને તે દાઝ્ય થતી હોય ને વળી તેનો દીકરો મારી નાંખે ને વળી ભાઈને મારી નાંખે ને વળી બાયડીને લઈ જાય ને વળી માને લઈને મુસલમાનને આપે ને વળી ગામગરાસ ઝૂંટી લે, એવી રીતે જેમ જેમ એનો પરાભવ કરે તેમ તેમ એને બહુ મનમાં

દાઝ્ય થાય ને જાગ્રત-સ્વપ્નમાં સર્વકાળે એને એ વાતનો જ આલોચ રહે. તેમ જેને આ બે વાતનો નિરંતર આલોચ રહે ત્યારે એને એ જ્ઞાન સિદ્ધ થાય.''

- 'ભગવાનને વિષે મહિમાએ સહિત જે ઘણો સ્નેહ' તે શ્રીહરિએ કરેલી ભક્તિની વ્યાખ્યા છે. ભગવાનનો ભક્ત જેમ જેમ ભગવાનનો વધુ ને વધુ મહિમા સમજતો જાય છે, તેમ તેમ તેની પ્રીતિ-પ્રતીતિમાં ક્રમશઃ વધારો થતો જાય છે. અને અંતે તો ભગવાનમાં અખંડ આસક્ત થકો વર્તે છે. ભક્તની આ સ્થિતિને વર્ણવવા માટે શ્રીહરિ એ સમયે સામાન્ય જનસમુદાયમાં રોજબરોજ જોવા મળતું દૃષ્ટાંત આપે છે. **વચ.ગ.અં.૩૩**માં તેઓ જણાવે છે કે –

  ''**જેમ** અફીણ આદિકનો બંધાણી હોય તેને તે વિના ચાલે નહીં ને તે અફીણ તો કડવું ઝેર છે તો પણ અફીણના બંધાણીને અફીણ વિના ચાલે નહીં તથા દારૂનું બંધાણ હોય તો તે દારૂ પણ પીએ ત્યારે ગળું બળે એવો છે તો પણ તે વિના ચાલે નહીં. તે એને ઘણાક રૂપિયા આપે તો પણ એ બંધાણથી તે વહાલા ન થાય ને ન લે; કેમ જે, એ વ્યસન એના જીવ સંગાથે જડાઈ ગયું છે. **તેમ** જેને ભગવદ્‌ભક્તિ આદિક ક્રિયાનું બંધાણ થયું હોય તે ગમે તેવો કુસંગ થાય તો પણ તે વિના એને ચાલે જ નહીં ને એ વિના બીજા કાર્યમાં એનું મન રાજી થાય નહીં અને ભગવદ્‌ભક્તિ આદિક ક્રિયામાં એનો જીવ જડાઈ ગયો હોય ને એનો જ એને અતિ ઈશક હોય.''

- ભગવાન જેટલી જ પ્રીતિ ભગવાનના સંતમાં કરવાનો બોધ વચનામૃતમાં પાને પાને જોવા મળે છે. એવા ગુણાતીત સંતમાં અતિશય પ્રીતિની પરાકાષ્ઠા એટલે કે આત્મબુદ્ધિ જેને થાય છે તેને સર્વ સાધનથી સત્સંગને અધિક જાણ્યો છે. શ્રીમદ્‌ભાગવતની આ નક્કર વાસ્તવિકતાને ભગવાન સ્વામિનારાયણ એક વ્યવહારુ દૃષ્ટાંત દ્વારા **વચ.ગ.મ.૫૪**માં સમજાવે છે કે –

  ''**જેમ** કોઈક વાંઝિયો હોય ને પછી તેને ઘડપણમાં દીકરો આવે, પછી તે છોકરો તેને ગાળો દે ને મૂછો તાણે તોપણ અભાવ આવે નહીં અને કોઈકના છોકરાને મારે તથા ગામમાં અનીતિ કરી આવે,

તો પણ કોઈ રીતે તેનો અવગુણ આવે જ નહીં. શા માટે જે, એ રાજાને પોતાના દીકરાને વિષે આત્મબુદ્ધિ થઈ ગઈ છે. **એવી જેને** ભગવાનના ભક્ત(અક્ષરબ્રહ્મ એવા સત્પુરુષ)ને વિષે આત્મબુદ્ધિ થાય છે, તેણે જ સર્વ સાધન થકી અધિક કલ્યાણકારી સત્સંગને જાણ્યો છે.''

- વિશ્વાસ અને હિંમત સાથેનો ધીરજપૂર્વકનો સતત પ્રામાણિક પુરુષાર્થ એટલે 'શ્રદ્ધા'. પછી તે જીવનનું કોઈપણ ક્ષેત્ર હોય, આ ત્રણેયનો સુભગ સમન્વય થાય, ત્યારે શ્રદ્ધાના દીપ પ્રગટે છે. શ્રદ્ધાનો વેગ જેટલો બળવાન તેટલી સાધનાની ઈતિશ્રી વહેલી થાય છે. આ વાતને વ્યવહારુ દૃષ્ટાંત દ્વારા શ્રીહરિ **વચ.ગ.મ.૧૬**માં જણાવે છે કે –

  ''**જેમ** કોઈ પુરુષ કાશીએ જતો હોય ને તે આખા દિવસમાં બે ડગલાં ચાલતો હોય તેને તો કાશીએ જતાં બહુ દિવસ લાગે અને જે વીસ વીસ ગાઉ ચાલવા માંડે તે તો અહીંથી કાશીએ થોડાક દિવસમાં પહોંચે; **તેમ** જેને શ્રદ્ધા બળવાન છે તે તો હમણાં તરત સત્સંગી થયો હોય તોપણ અતિશય સરસ થઈ જાય છે અને જેને શ્રદ્ધા મંદ હોય તે તો ઘણા કાળ થયા સત્સંગી થયો હોય તોય પણ લોચોપોચો રહે છે.''

- ભક્તિમાર્ગમાં કુસંગનું વિઘ્ન સૌથી મોટું છે. તેમાં પણ અંતરનો કુસંગ સમજવો દુષ્કર છે. આ અંતરના કુસંગથી સચેત અને સાવધાન રહેવા ભગવાન સ્વામિનારાયણ વિના દલીલે કબૂલાત થાય, તેવા દૃષ્ટાંત દ્વારા **વચ.પં.૩**માં ઉપદેશે છે કે –

  ''**જેમ** કોઈ રાજાએ પોતાના શત્રુને પકડ્યો હોય, તેને બેડીમાં બાંધી રાખીને કામ કરાવે, પણ છૂટો મેલે નહીં ને વિશ્વાસ પણ કરે નહીં, અને જો તેને છૂટો મેલે અને વિશ્વાસ કરે, તો રાજાને તે વૈરી નિશ્ચય મારે. **તેમ** જો ઇન્દ્રિયોરૂપ વૈરીનો વિશ્વાસ કરે ને છૂટાં મૂકે ને કેદમાં ન રાખે તો એને નિશ્ચય ભગવાનના માર્ગ થકી પાડી નાંખે છે. ઇન્દ્રિયો-અંતઃકરણને પંચ વર્તમાનના નિયમરૂપ જે પાંજરું તથા બેડી તેમાં રાખીને ભગવાનની ભક્તિ કરાવવી; પણ

એને વિષે ગુણ ન લેવો, શત્રુભાવ જ રાખવો.''

- વળી, મોક્ષમાર્ગે મુમુક્ષુને પોતાના પડછાયાની જેમ પીછો કરી પછડાટ આપનાર પોતાના જ કામ, ક્રોધાદિક સ્વભાવ છે. આ સ્વભાવોને પરાસ્ત કરવા મુમુક્ષુ યોદ્ધાએ કેવો વિચાર રાખવો તે એક વેધક દૃષ્ટાંત લઈ શ્રીહરિ **વચ.ગ.મ.૧૫**માં બોધ આપે છે કે –
  ''**જેમ** બાહેર કોઈ પોતાનો શત્રુ હોય તે આપણું કાંઈક કામ થતું હોય તેને બગાડી દે અથવા પોતાની મા-બહેન સામી ગાળો દે, તેનો જેમ અતિશય અભાવ આવે છે અને જે ઉપાયે કરીને તેનું ભૂંડું થાય તે ઉપાય કરાય છે અથવા કોઈક બીજો તે શત્રુનું ભૂંડું કરે તોપણ અતિશય રાજી થવાય છે. **તેમ** જે મોક્ષને અર્થે યત્ન કરતા હોય ને તેમાં જો કામ-ક્રોધાદિક શત્રુ વિઘ્ન કરે તો તેની ઉપર પણ તેટલી જ વૈરબુદ્ધિ થાય અને તેનો ખટકો ક્યારેય પણ ટળે નહીં. એવો વિચાર જેને હાથ આવે તે એ વિચારે કરીને શત્રુમાત્રને ટાળે.''
- ભગવાન સ્વામિનારાયણે પોતાનાં ઉપદેશ-વચનોમાં સૌથી વધુ અણગમો બતાવ્યો હોય તો તે અભાવ-અવગુણ અને દ્રોહ પ્રત્યેનો છે. **વચ.ગ.પ્ર.૨૮**ના વચનામૃતમાં 'અર્ધબળેલા કાષ્ઠ...'ના નક્કર દૃષ્ટાંતથી શ્રીહરિએ સત્સંગમાં અભાવ-અવગુણના પ્રાણવાયુ વિહોણા વાતાવરણમાં ગૂંગળામણ અનુભવનાર ગૂંગળાય છે ને અંતે પછડાય છે તેની વાત કરી છે. સાથે સાથે તેઓ અવગુણ આવવાનું એક કારણ બુદ્ધિમાં પડેલા કુસંસ્કારો પણ ગણાવે છે. આવી શાપિત બુદ્ધિને શુદ્ધ કરી શકાય છે. તે માટે તેઓ **વચ.કા.૨**માં અત્યંત વ્યવહારુ દૃષ્ટાંત સાથે વાત કરે છે કે –
  ''એનું તો **એમ છે જે**, એક તો અમે આ માથે બાંધી રહ્યા એ વસ્ત્રને ધોવું હોય અને એક તો મોદ્ય (જાડું અને મોટું પાથરણું) જેવું જાડું વસ્ત્ર તેને ધોવું હોય ત્યારે કાંઈ સરખે દાખડે ધોવાય નહી; કાં જે આ ઝીણું વસ્ત્ર ધોવું હોય ત્યારે તેમાં લગારેક સાબુ દઈને ધોઈ નાંખીએ એટલે તરત ઊજળું થાય, અને જ્યારે જાડા વસ્ત્રને ધોવું હોય ત્યારે તેને બે-ચાર દિવસ સુધી પાણીમાં પલાળી મૂકે ને પછી અગ્નિએ કરીને બાફે ને પછી સાબુ દઈને ધુએ ત્યારે ઊજળું થાય.

તેમ જેની બુદ્ધિ શાપિત હોય તે સર્વે પાળે છે એટલું જ પાળે તો એ દોષ ટળે નહીં. બીજા જેમ નિઃસ્વાદી, નિર્લોભી, નિઃસ્નેહી, નિર્માની, નિષ્કામી રહે, તેથી વિશેષે રહેવું. એમ સર્વેથી વિશેષે પાળે તો એની બુદ્ધિ શાપિત ટળે, નહીં તો ટળે નહીં.''

- ભગવાન સ્વામિનારાયણ **વચ.વર.૨૦**માં જણાવે છે કે – ''ગૃહી-ત્યાગીનો કાંઈ મેળ નથી, જેની સમજણ મોટી તેને જ સૌથી મોટો હરિભક્ત જાણવો.'' શ્રીહરિ આધ્યાત્મિક પ્રગતિના માપદંડ તરીકે 'સમજણ'ને મહત્ત્વ આપે છે. જો સાચી સૈદ્ધાંતિક સમજણ હશે તો સપરિવાર કૌટુંબિક જવાબદારીઓનું વહન કરતાં કરતાં પણ ગૃહસ્થ મોક્ષને અવશ્ય પામશે ને જો 'સમજણ' નહીં હોય તો પરિવાર સહિત સંસારનો ત્યાગ કરનાર ત્યાગી મોક્ષમાર્ગે પાછળ રહી શકે છે.

  ત્યાગી થઈ પોતાનું લક્ષ્ય ચૂકે તો તેને કેવો જાણવો તે શ્રીહરિ પૂર્ણ રીતે સ્પષ્ટ અને સદૃષ્ટાંત સમજાવે છે કે –

  ''**જેમ** કંગાલ માણસ હોય અને પહેરવા વસ્ત્ર ન મળતું હોય અને ઉકરડામાંથી દાણા વીણી ખાતો હોય, તે પોતે પોતાને પાપી સમજે ને બીજા શાહુકાર લોક પણ તેને પાપી સમજે જે, 'આણે પાપ કર્યાં હશે માટે એને અન્ન-વસ્ત્ર મળતું નથી,' **તેમ** જે ત્યાગી થઈને સારાં સારાં જે વસ્ત્રાદિ પદાર્થ તેને ભેળાં કરી રાખે ને તેની તૃષ્ણા પણ ઘણી રાખે અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તેને વિષે પ્રીતિએ રહિત હોય એવો જે ત્યાગી તેને તો જે મોટા એકાંતિક સાધુ છે તે કંગાલ માણસની પેઠે પાપી જાણે છે.''

- ભગવાનના સ્વરૂપને તત્ત્વતઃ જાણવામાં કે તેઓના અમાયિક સ્વરૂપને સમજવામાં ભલભલા જ્ઞાનીઓ ગોથું ખાઈ જાય છે. આપણી માયિક ઈન્દ્રિયોથી ભગવાનને પામવા જતાં પૂરેપૂરી શક્યતા છે કે ભૂલા પડાય. આપણી આ વાસ્તવિક પરિસ્થિતિને જાણી શ્રીહરિ તરત ગળે ઊતરી જાય તેવા દૃષ્ટાંતથી **વચ.પં.૭**માં સમજાવે છે કે –

  ''**જેમ** નટવિદ્યાવાળો (જાદુગર) તે શસ્ત્ર બાંધીને આકાશમાં ઈંદ્રના શત્રુ જે અસુરના યોદ્ધા તે સાથે વઢવા જાય છે. પછી કટકા થઈને હેઠો પડે ને તે પછી તે કટકાને ભેગા કરીને તે નટની સ્ત્રી બળી મરે.

પછી થોડી વારે તે નટ પાછો આકાશમાંથી હથિયાર બાંધીને જેવો હતો તેવો ને તેવો જ આવે ને રાજા પાસે મોજ (ઇનામ, બક્ષિશ) માંગે ને કહે 'મારી સ્ત્રી લાવો.' એવી રીતની જે નટ (જાદુગર)ની માયા તે પણ કળ્યામાં કોઈને આવતી નથી, તો ભગવાનની યોગમાયા કળ્યામાં કેમ આવે? અને જે નટની માયાને જાણતો હોય તે તો હોય તે તો એમ જાણે જે, એ નટ મર્યો પણ નથી ને બળ્યો પણ નથી, જેવો છે તેવો ને તેવો જ છે.' **તેમ** ભગવાનના સ્વરૂપને જે તત્ત્વે કરીને સમજતો હોય તે તો ભગવાનને અખંડ અવિનાશી જેવા છે તેવા જ સમજે.''

પ્રસિદ્ધ વ્યાવહારિક ઉક્તિબોધ

ભગવાન સ્વામિનારાયણે પોતાના દૃષ્ટાંતબોધમાં તે સમયે વ્યવહારમાં પ્રચલિત કહેવતો અને રૂઢિપ્રયોગોનો પણ સમાવેશ કર્યો છે. જુઓ કેટલાંક ઉદાહરણો :

- શ્રીહરિએ હરિચરિત્રામૃતસાગર ગ્રંથમાં નિષ્કપટપણાને અમૃત સરીખો ગુણ કહ્યો છે. પણ કોની આગળ નિષ્કપટ થવું તે વિવેક પણ જરૂરી છે, જે ભગવાન સ્વામિનારાયણ **વચ.ગ.પ્ર.૩૮**માં પ્રચલિત કહેવતને દૃષ્ટાંત તરીકે લઈ સમજાવે છે કે –
  ''જેમ 'કૂતરાનું મુખ કૂતરો ચાટે' તથા **'સર્પને ઘેર પરોણો સાપ, મુખ ચાટીને વળિયો આપ'** તથા **'રાંડીની પાસે સુવાસિની સ્ત્રી જાય ત્યારે તે કહે જે, 'આવ બાઈ, હું જેવી તું પણ થા.' તેમ** પોતાની પેઠે જેને ભૂંડા ઘાટ થતા હોય તેની આગળ જે ઘાટ કહેવો તે તો આ દૃષ્ટાંત દીધાં એમ છે. માટે ઘાટ કેને કહેવો? તો જેના મનમાં કોઈ દિવસ જગતનો ભૂંડો ઘાટ ન થતો હોય એવો બળિયો હોય તેની આગળ કહેવો.''
- **વચ.કા.૭**માં વૈરાગ્યનું સ્પષ્ટ કારણ જણાવતાં કહે છે કે, ''સદ્‌ગ્રંથ ને સત્પુરુષનાં વચન તેને સાંભળીને જેને ચટકી લાગે અને ચટકી લાગે તે પાછી મટે જ નહીં, એવી જે ચટકી તે જ વૈરાગ્યનો હેતુ છે... જેને ચટકી લાગીને થોડા દિવસ કેડે ટળી જતી હોય તેને તો

એ ચટકીનો વૈરાગ્ય અતિશય ખુવાર કરે... જેમ **'ધોબીનો કૂતરો વાટનો નહીં ને ઘાટનો નહીં'** તેમ તે પુરુષ ઉભયભ્રષ્ટ થાય છે.''

- **વચ.ગ.પ્ર.૭૦**માં સત્સંગ કરવા પાછળના હેતુની સ્પષ્ટતા કરતાં ભગવાન સ્વામિનારાયણ જણાવે છે કે –
''સત્સંગ કરવો તે પોતે પોતાના જીવના કલ્યાણને જ અર્થે કરવો, પણ કોઈ પદાર્થની ઈચ્છા તો રાખવી જ નહીં, કાં જે, ઘરમાં દસ માણસ હોઈએ અને તે દસેનું મૃત્યુ આવ્યું હોય તેમાંથી એક જણ જો ઊગરે તો શું થોડો છે? ....એમ અતિશય દુઃખ થવાનું હોય તો તેમાંથી પરમેશ્વરનો આશરો કરીએ તો થોડુંક ઓછું થાય ખરું. એમ સત્સંગ કરે છે તેને **'શૂળી જેટલું દુઃખ હોય તો કાંટે મટે છે.''**
- પ્રચલિત કહેવતોના ક્યારેક વિપરીત અર્થ કરી, નિયમ-ધર્મના બંધારણમાં છીંડાં પાડી અનેકને વિચલિત કરનાર લોકોને નકારતાં ભગવાન સ્વામિનારાયણ **વચ.ગ.મ.૩૫**માં જણાવે છે કે –
''વળી જગતમાં એમ વાર્તા છે જે, **'મન હોય ચંગા તો કથરોટમાં ગંગા'** એ વાર્તા ખોટી છે. એ તો ગમે તેવો સમાધિનિષ્ઠ હોય અથવા વિચારવાન હોય ને તે પણ જો સ્ત્રીઓના પ્રસંગમાં રહેવા માંડે તો એનો ધર્મ કોઈ રીતે રહે જ નહીં... એવી રીતે સ્ત્રી-પુરુષને પરસ્પર સહવાસ થાય ને એનો ધર્મ રહે એવી તો આશા રાખવી નહીં. તે આ વાર્તા તે એમ જ છે, પણ એમાં કાંઈ સંશય રાખવો નહીં.''
- અધ્યાત્મ માર્ગે પુષ્ટિકર્તા એવાં તપ-વ્રતાદિક એ અકારણ - અમથાં-અમથાં અથવા પરાણે ન થાય અને તેનું ચોક્કસ ફળ મળે, તે હેતુથી શ્રીહરિ પ્રચલિત રૂઢિપ્રયોગ સાથે **વચ.ગ.મ.૮**માં સમજાવે છે કે –
''એકાદશીનું વ્રત કરવું તે દિવસ કામ, ક્રોધ, લોભાદિક સંબંધી ભૂંડા ઘાટ મનમાં થવા દેવા નહીં અને દેહે કરીને કાંઈ ભૂંડું આચરણ કરવું નહીં, એમ શાસ્ત્રમાં વચન છે. અને તે શાસ્ત્ર પ્રમાણે જ અમે પણ કહીએ છીએ જે, એકાદશીને દિવસ **ઢોરલાંઘણ**[૨] કરવી નહીં ને એકાદશ ઈન્દ્રિયોના આહારનો ત્યાગ કરે, ત્યારે તે એકાદશી સાચી ને તે વિના તો ઢોરલાંઘણ કહેવાય.''

---

૨. અન્ય નિયમો નહીં પાળીને કેવળ ઉપવાસ કરવો તે.

૪

સામાન્ય દૃષ્ટાંત, અસામાન્ય બોધ

ભગવાન સ્વામિનારાયણે અપનાવેલી દૃષ્ટાંતસભર કથન-શૈલીની એક વિલક્ષણતા એ પણ છે કે તેઓએ દેખીતી રીતે નગણ્ય લાગતી બાબતો અથવા જેમાં અચરજ જેવું ન લાગતું હોય તેવી સામાન્ય કુદરતી કે માનવસર્જિત પ્રક્રિયાઓને પણ પોતાના બોધમાં સ્થાન આપ્યું છે, એટલું જ નહીં, પણ તે સામાન્ય દૃષ્ટાંતો દ્વારા તેમણે અસામાન્ય ને ગહન બોધ આપ્યો છે. જુઓ, કેટલાંક ઉદાહરણો :

માળા અને ખીલાનું દૃષ્ટાંત

પક્ષીનો માળો અને ઢોરને બાંધવા માટે વપરાતા જમીનમાં ધરબાયેલા લોખંડના ખીલા જેવા સામાન્ય પદાર્થોને દૃષ્ટાંતરૂપે લઈને ભગવાન સ્વામિનારાયણ **વચ.ગ.પ્ર.૩૨**માં ઊંચો બોધ આપે છે :

- ‘‘**જેમ** પક્ષી હોય તે પોતાના માળાને મૂકીને ચરવા નીકળે છે તે ચારો કરીને રાત્રિ સમે પોતપોતાના માળામાં જઈને વિરામ કરે છે, પણ પોતપોતાના સ્થાનકને કોઈ દિવસ ભૂલીને બીજાને સ્થાનકે જતાં નથી... જેમ ધણિયાતું ઢોર હોય તે સીમમાં ચરીને સાંજે પોતાને ખીલે આવે છે... **તેમ** ભગવાનના ભક્ત છે તે ભગવાનની કથા, કીર્તન, શ્રવણાદિક એવો જે ચારો તેને ચરીને પોતાનો માળો જે ભગવાનનું સ્વરૂપ તેમાં જઈને વિરામ કરે છે.’’

ભગવાન સંબંધી કથા, કીર્તન, શ્રવણાદિક સાધન કરતાં કરતાં ઇન્દ્રિયોની વૃત્તિ અનુલોમ (બાહ્યવૃત્તિ) ન થતાં, પ્રતિલોમ (અંતર્દૃષ્ટિ) થઈ વિરામ પામવી જોઈએ, જે સાધનામાર્ગના કોઈપણ પુરુષાર્થનું અંતિમ લક્ષ્ય છે. તેને તદ્દન આવા સાધારણ દૃષ્ટાંતથી વચનામૃતમાં સમજાવ્યું છે.

આંબલીના કચૂકાનું દૃષ્ટાંત

કુદરતી રીતે વૃક્ષો પર ઊગતાં મોટા ભાગનાં ફળોનાં ઠળિયાં-બિયાંને તો આપણે પણ રોજબરોજ જોતાં હોઈએ છીએ, પરંતુ એ રોજબરોજના નિરીક્ષણમાંથી ગહન બોધ શ્રીહરિ જ તારવી શકે !!

આત્માને વળગેલા કારણ-શરીરને દૂર કરીને આત્માને શુદ્ધ કરવાની પ્રક્રિયા સમજવી ઘણી ગહન છે. પરંતુ શ્રીહરિ આંબલીનાં બીયાંની રોજબરોજ જોવામાં આવતી બાબતની સાથે તેને સરખાવીને સરળતાથી ઊંચો અર્થબોધ આપે છે :

- "**જેમ** આંબલીનું બીજ હોય ને તે બીજની છાલ બીજ સાથે અતિ દૃઢ ચોંટી હોય, પછી તેને જ્યારે અગ્નિમાં શેકે ત્યારે તે છાલ દાઝીને ખોખા જેવી થઈ જાય ને પછી હાથમાં લઈને ચોળે તો જુદી થઈ જાય; **તેમ** ભગવાનનું ધ્યાન અને ભગવાનનું વચન તેણે કરીને કારણ શરીર શેકાઈને આંબલીના ફોતરાંની પેઠે જુદું થઈ જાય છે અને તે વિના બીજા કોટિ ઉપાય કરે તો પણ કારણ શરીરરૂપ જે અજ્ઞાન તેનો નાશ થતો નથી."

લીંબુની ચીર્યનું દૃષ્ટાંત

લીંબુની ખટાશનો અનુભવ આપણે રોજિંદા જીવનમાં ઘણી વાર કરીએ છીએ. લીંબુની ખટાશથી અંબાઈ જતા દાંત પણ એક સર્વસામાન્ય અનુભવ છે. પરંતુ એવી સામાન્ય બાબતમાંથી અસામાન્ય બોધ તારવતાં શ્રીહરિ **વચ.ગ.પ્ર.૨૪**માં કહે છે :

- "**જેમ** લીંબુની એક ચિર્ય ચૂસી હોય તો થોડા થોડા દાંત અંબાય, પણ હળવા હળવા (ધીરે-ધીરે) ચણા ચવાય ખરા; ને જો આખું લીંબુ ચૂસ્યું હોય તો ચણા ચવાય નહીં ને મગનો દાણો પરાણે

ચવાય; અને જો ઘણાં લીંબુ ચૂસ્યાં હોય તો રાંધેલો ભાત પણ ચવાય નહીં; **તેમ** ભગવાનનો નિશ્ચય અને માહાત્મ્યરૂપી જેને ખટાઈ ચડી હોય તેની ચાર અંતઃકરણ અને દસ ઈન્દ્રિયોરૂપ જે ડાઢ્યો તે સર્વે અંબાઈ જાય છે.''

કોડિયાનું દૃષ્ટાંત

આત્મા અને પરમાત્મા, આ વિષય ઉપર શાસ્ત્રોમાંથી વિષયાનુસાર માહિતી એકઠી કરી મનનીય પ્રવચનો કરવાં, ગોષ્ઠિ કરવી, ચર્ચા કરવી એ એક બાબત છે. પરંતુ તેનો સાક્ષાત્કાર હોવો એ જુદી બાબત છે. તે કલ્પનાનો વિષય નથી. આત્મા અને શરીરનો સંબંધ કેવો અવિચ્છિન્ન છે અને છતાં ભિન્ન છે તે શ્રીહરિ જ સરળતાથી સમજાવી શકે.

વચ.ગ.અં.૪માં જીવના એક સાધારણ માટીના કોડિયાના દૃષ્ટાંતે તેઓ સમજાવે છે :

- ''**જેમ** તેલ, કોડિયું ને વાટ્ય તેના સંબંધ વિના એકલો અગ્નિનો જ્યોતિ આકાશને વિષે અધરપધર રહેતો નથી, તેમ પંચભૂતના વિકારરૂપ એવું જે (હૃદય વિષે) માંસનું ચક્ર તેના સંબંધ વિના એકલો જીવ રહેતો નથી... **તેમ** માંસના ચક્રને વિષે ને દેહને વિષે જીવ વ્યાપીને રહ્યો છે, તોપણ દેહને મરવે કરીને જીવ મરતો નથી.''

વહાણ-નાંગળનું દૃષ્ટાંત

સ્વરૂપનિષ્ઠા-નિશ્ચય-ઉપાસનાની દૃઢતા ઉપર શ્રીહરિએ ખૂબ ભાર મૂક્યો છે. તેમને કેવળ વાચ્યાર્થ નહીં, લક્ષ્યાર્થ કહેતાં જીવમાં દૃઢ થઈ ગયો હોય, જે ક્યારેય ફરે નહીં, તેવો નિશ્ચય વધુ ગમે છે. આ બાબતને તેઓ **વચ.કા.૧**માં સમુદ્રમાં ચાલતા વહાણ સાથે જોડાયેલી એક સાહજિક પ્રક્રિયાના દૃષ્ટાંત દ્વારા સમજાવે છે :

- ''**જેમ** સમુદ્રમાં વહાણ ચાલે છે તેમાં જે લોઢાના નાંગળ (લંગર) હોય તેને સમુદ્રમાં નાંખે, તે જો ધરતી લગણ ન પૂગ્યો હોય ને તેને જો તરત તાણી લે તો ઝાઝી મહેનત ન પડે ને તરત નીસરી આવે, અને તેને ધરતી લગણ જવા દઈને તાણે તો ઘણી મહેનતે નીસરે,

અને જો ધીરે ધીરે જવા દે ને ધરતીમાં ખૂતે ને ભરાઈ જાય તો પાછો તે તાણ્યો તણાય નહીં ને નીસરે પણ નહીં. એમ જેને જીવને વિષે નિશ્ચય થાય તો તેનો નિશ્ચય કોઈ પ્રકારે તાણ્યો તણાય નહીં.''

૫

વિશિષ્ટ કથન શૈલી

આધ્યાત્મિક રહસ્યોને વધુ સચોટ અને વધુ સ્પષ્ટ રીતે સમજાવવા માટે ભગવાન સ્વામિનારાયણે અપનાવેલા દૃષ્ટાંતબોધની એક મુઠ્ઠી ઊંચેરી વિશેષતા એ છે કે તેમણે ઘણી જગ્યાએ દૃષ્ટાંતમાંથી તદ્દન નવો અને મૌલિક બોધ આપ્યો છે ને એ પણ સંપૂર્ણ રીતે અર્થપૂર્ણ.

વળી, દૃષ્ટાંતના મૂળ ચિત્રનું બારીકાઈથી આબેહૂબ વર્ણન કરીને બોધ ફલિત કરવો તથા એક જ દૃષ્ટાંતથી તદ્દન જુદા-જુદા બોધને જન્મ આપવો તે વિશેષતા તો વધારાની. આવો, જાણીએ તેઓની આ શૈલીને પણ.

મૌલિકતા

❖ દૂધ અને પાણીનું દૃષ્ટાંત

સામાન્ય રીતે પોતાની ભૂલનો અસ્વીકાર એ જીવમાત્રની સહજતા છે. દોષનો ટોપલો બીજા ઉપર ઠાલવી નિર્દોષતાના વહેમમાં રહેવું તે જીવને ગમે છે. છેલ્લે કાંઈ નહીં તો પરને મૂકી પોતાનાં ઇન્દ્રિયો-અંતઃકરણનો વાંક કાઢે. શ્રીહરિએ જીવમાત્રની આવી ઘરેડ **વચ.ગ.અં.૬**માં દૂધ ને પાણીના દૃષ્ટાંતથી વર્ણવીને તદ્દન જુદો જ મૌલિકબોધ આપ્યો છે. તેઓ જણાવે છે કે –

- "જીવ અને મન પરસ્પર અતિ મિત્ર છે. જેમ દૂધને ને પાણીને મિત્રતા છે, તેમ જીવને ને મનને મિત્રતા છે. તે જ્યારે દૂધને ને

પાણીને ભેળાં કરીને અગ્નિ ઉપર મૂકે ત્યારે પાણી હોય તે દૂધને તળે બેસે ને પોતે બળે પણ દૂધને બળવા ન દે, ત્યારે દૂધ પણ પાણીને ઉગારવાને સારુ પોતે ઊભરાઈને અગ્નિને ઓલવી નાખે છે. એવી રીતે બેયને પરસ્પર મિત્રાચાર છે. તે જે વાત જીવને ન ગમતી હોય તે વાતનો મનમાં ઘાટ થાય જ નહીં.''

❖ ડગલાનું દૃષ્ટાંત

દેહ અને આત્મા નોખા છે તથા 'અહં' અને 'મમત્વ' એ જીવની અવળી સમજણ છે. આ બાબતને શ્રીહરિ **વચ.ગ.પ્ર.૪૪**માં એક નવી જ મૌલિકતા સાથે સદૃષ્ટાંત સમજાવે છે કે –

- ''**જેમ** કોઈક પુરુષ હોય તેણે દરજીને ઘેર જઈને ડગલો (કોટ, અંગરખો) સિવાડીને પહેર્યો, ત્યારે તે એમ માને જે, 'દરજી તે મારો બાપ છે ને દરજણ તે મારી મા છે.' એમ જે માને તે મૂર્ખ કહેવાય; **તેમ** આ જીવને આ દેહરૂપ જે ડગલો ક્યારેક તો બ્રાહ્મણ ને બ્રાહ્મણી થકી ઉત્પન્ન થાય છે અને ક્યારેક તો નીચ જાતિમાંથી ઉત્પન્ન થાય છે તથા ચોરાશી લાખ જાતિ થકી દેહ ઉત્પન્ન થાય છે, તે દેહને વિષે પોતાપણું માને અને તે દેહનાં મા-બાપને પોતાનાં મા-બાપ માને તે મૂર્ખ કહેવાય અને તેને પશુ જેવો જાણવો.''

એક ડગલાના દૃષ્ટાંત પાછળ આવું મૌલિક તત્ત્વજ્ઞાન આપવું તે શ્રીહરિ વિના ભાગ્યે જ કોઈને સૂઝે.

❖ ગાયનું દૃષ્ટાંત

આત્મદર્શન અને પરમાત્મદર્શન માટેની વિદ્યા એટલે 'બ્રહ્મવિદ્યા'. અધ્યાત્મ સાધનાની ચરમસીમાએ પહોંચી તેના યથાર્થ ફળરૂપ ભગવાનની અનુભૂતિને માણવા બ્રહ્મવિદ્યા માટે પ્રયત્ન હોવો જોઈએ. અલબત્ત, આ સાધનામાં અંતે ભગવાનની કૃપા જ વધુ ફળદાયી છે, છતાં પુરુષાર્થનું મહત્ત્વ છે જ. પુરુષાર્થ કરતાં કરતાં આત્માના સુખનો આંશિક અનુભવ કરી મુમુક્ષુ પોતાની સાધના ઉપર પૂર્ણવિરામ ન મૂકી દે તે માટે ભગવાન સ્વામિનારાયણ **વચ.લો.૧૫**માં એક દૃષ્ટાંત સાથે

મૌલિક રીતે સમજાવતાં કહે છે કે –

- "જેમ કોઈકે ગાયનું પૂંછડું દીઠું, કોઈકે મુખ દીઠું, ખુર દીઠો, પેટ દીઠું, સ્તન દીઠો તેણે જે જે અંગ દીઠું તે ગાયનું જ દીઠું છે, પણ જેવી ગાય છે તેવી કોઈએ દીઠી નથી અને એક અંગ દીઠું માટે ગાય દીઠી પણ કહેવાય. તેમ આત્માના પ્રકાશનું દર્શન જેટલું જેને ઇન્દ્રિયો દ્વારા અથવા અંતઃકરણ દ્વારા થયું તેટલો તે આત્મદર્શી કહેવાય, પણ સમ્યક્ આત્મદર્શન એને કહેવાય નહીં."

ચિત્રાત્મકતા

સાચી રીતે સફળ થયેલો સમજુ વક્તા ક્યારેય ભારેખમ રજૂઆતોથી શ્રોતાગણ ઉપર ભારરૂપ થઈ પડતો નથી. તેના પ્રયત્નો તો હંમેશાં શ્રોતાના માનસને બને તેટલું સમજવું સરળ પડે છતાં ઉપદેશની ગંભીરતા સચવાય તેવા હોય છે. વચનામૃતમાં શ્રીહરિના દૃષ્ટાંતબોધનું એક નૂતન રૂપ આ પણ છે કે તેઓએ કેટલાંક દૃષ્ટાંતોનું વર્ણન એવું ચિત્રાત્મક કર્યું છે કે શ્રોતા સામે તે તાદૃશ થઈ જાય! અને તેથી જ તેના બોધને ગળે ઉતારવો સહેલો પણ થઈ જાય.

❖ સાત માળની હવેલીનું દૃષ્ટાંત

કોઈ ચિંતકે કહ્યું છે કે 'A man is known by the company he keeps.' માણસના વ્યક્તિત્વની ઓળખાણ તેની બેઠક-ઉઠક કોની સાથે છે, તેનાથી પણ થાય છે. અને તે સંગ જ તેની પ્રગતિ કે અધોગતિનું કારણ બને છે. પસંદગી અને જાણપણું એ જે તે ભક્તની જવાબદારી બની રહે છે. સંગ-દોષની આ વાત કરતાં શ્રીહરિ **વચ.ગ.પ્ર.૧૮**માં ચિત્રાત્મક દૃષ્ટાંત સાથે વાત કરતાં કહે છે કે –

- "સુંદર સાત માળની હવેલી હોય, તે હવેલીને વિષે કાચના તકતા સુંદર જડ્યા હોય અને સુંદર બિછાનાં કર્યાં હોય, તેમાં નાનાં પ્રકારનાં આભૂષણ તથા વસ્ત્રને પહેરીને વિષયી જન બેઠા હોય અને દારૂના શીશા લઈને પરસ્પર પાતા હોય અને કેટલાક તો દારૂના શીશા ભરેલા પડ્યા હોય ને વેશ્યાઓ થેઈથેઈકાર કરી રહી

હોય ને નાનાં પ્રકારનાં વાજિંત્ર વાજતાં હોય, તે સભામાં જઈને જે જન બેસે તે સમે તેનું અંતઃકરણ બીજી જાતનું થઈ જાય છે.''

આ જ વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણ તૃણની ઝૂંપડીના દૃષ્ટાંત સાથે વાત કરતાં કહે છે કે –

''તૃણની ઝૂંપડી હોય ને તેમાં ફાટેલ ગોદડીવાળા પરમહંસની સભા બેઠી હોય અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ સહવર્તમાન ભગવદ્‌-વાર્તા થાતી હોય, તે સભામાં જઈને જે જન[3] બેસે ત્યારે તે સમે તેનું અંતઃકરણ[4] બીજી રીતનું[5] થાય છે. માટે સત્સંગ અને કુસંગને યોગે કરીને જેવું અંતઃકરણ થાય છે તેને જો વિચારીને જુએ તો જાણ્યામાં આવે છે અને ગબરગંડને તો કાંઈ ખબર પડતી નથી.''

❖ બે સેનાનું દૃષ્ટાંત

યુદ્ધ દરમ્યાન શૂરવીર અને કાયરની મનોવૃત્તિને દર્પણ બનાવી ભક્તને અંતર્દૃષ્ટિ કરાવતા હોય તે રીતે શ્રીહરિ **વચ.ગ.મ.૨૨**માં વાત કરે છે કે –

■ ''**જેમ** બે સેના હોય ને તે પરસ્પર લડવાને તૈયાર થઈ હોય ને બેયનાં નિશાન સામસામાં રોપ્યાં હોય; પછી બેયના મનમાં એમ હોય જે 'આપણું નિશાન છે તે એના નિશાનને ઠેકાણે માંડીએ અને એનું નિશાન લઈ લઈએ.' પણ એવો વિચાર નથી થતો જે, 'એના નિશાન લગી જઈશું તેમાં તો કેટલાકનાં માથાં પડશે ને લોહીની નદી ચાલશે.' તેનો તો એને ભય નથી કાં જે શૂરવીર હોય તેને મરવાની બીક હોય નહીં અને જે કાયર છે તે તો ભાગ્યાના હજારો વિચાર કરે છે અને એમ પણ વિચાર કરે છે જે, 'આપણી ફોજ જીતશે તો કોઈકનું ધન, હથિયાર હશે તે લૂંટી લઈશું.' અને તે બેય રાજાના જે શૂરવીર છે તેને તો મરવાનો પણ ભય નથી ને લૂંટવાનો પણ લોભ નથી; પણ તેનું નિશાન લેવું ને પોતાની જીત કરવી એવો જ એક સંકલ્પ છે. **તેમ** નિશાનને ઠેકાણે ભગવાનનું ધામ છે તથા દૃઢ ભગવાનના ભક્ત છે તે રાજાના શૂરવીરને ઠેકાણે છે. તેના

---

૩. દુરાચારી પણ.

૪. કામ, ક્રોધ વગેરેની વાસનાથી દૂષિત એવું પણ.

૫. શુદ્ધ.

હૈયામાં દૃઢ નિશ્ચય છે જે, 'આ દેહે કરીને ભગવાનના ધામમાં નિવાસ કરવો છે, પણ વચમાં લોભાવું નથી.' અને કાયરને ઠેકાણે જે દેહાભિમાની એવા ભગવાનના ભક્ત છે તેને પ્રભુ ભજ્યામાં હજાર જાતના ઘાટ થાય છે જે, 'જો કરડાં વર્તમાન થશે તો નહીં નભાય ને સુગમ વર્તમાન હશે તો નભાશે.''

❖ ગાડાનું દૃષ્ટાંત

પોતાને અતિ પ્રિય એવા નિષ્કામી વર્તમાન માટેના સમગ્રતયા ઉપાયોની વાત ગાડાના દૃષ્ટાંત સાથે કરતાં ભગવાન સ્વામિનારાયણ **વચ.ગ.મ.** ૩૩માં ગાડાનું તાદશ ચિત્ર ખડું કરતાં કહે છે કે –

- ''**જેમ** હાંકનારો, બળદિયા, પૈડાં, ધૂંસરી, ઊધ્ય, માંચડો એવા ઘણાક સામાને કરીને એક ગાડું કહેવાય છે **તેમ** નિષ્કામી વ્રત રાખવાની પણ ઘણીક સામગ્રી જોઈએ છીએ. તેમાં ત્રણ ઉપાય છે તે તો અતિશય મુખ્ય છે. તેમાં એક તો મનને વશ કરવું જે નવધા ભક્તિ તેને વિષે મનને અખંડ જોડી મેલવું. બીજો ઉપાય પ્રાણને નિયમમાં રાખવો જે આહાર-વિહાર યુક્ત રાખવો ને ત્રીજો ઉપાય એ છે જે, આ સત્સંગને વિષે જેને જેને જે જે નિયમ કહ્યા છે તેમાં દેહને રાખીને દેહને નિયમમાં કરવો.''

દૃષ્ટાંત એક - બોધ અનેક

જેમ એક જ માસ્ટર કી વડે એકથી વધુ તાળાં ખોલી શકાય છે; જેમ એક જ જમીનમાં એકથી વધુ પાક ઉગાડી શકાય છે; જેમ સંગીતના એક જ વાદ્ય વડે એકથી વધુ સૂર વહાવી શકાય છે; વીજળીના એક જ પાવર હાઉસથી એકથી વધુ ઘરો ઝળહળી ઊઠે છે; તેમ એક જ દૃષ્ટાંત વડે એકથી વધુ બોધ આપવાની કમાલ શ્રીહરિને હસ્તગત છે. ચાલો, તેનાં થોડાંક ઉદાહરણો જોઈએ:

❖ સર્પની લાળનું દૃષ્ટાંત

વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણ એક દૃષ્ટાંત આપે છે કે – ''જેમ

ભેંસનું (સુંદર) દૂધ હોય તેમાં સાકર ઘોળી હોય ને તેમાં સર્પની લાળ પડે એટલે એ સાકર ને દૂધ હતું તે ઝેર થયું, પછી તેને જે પીએ તેના પ્રાણ જાય."

આ એક જ દૃષ્ટાંત વડે ભગવાન સ્વામિનારાયણ અલગ અલગ વચનામૃતમાં વાતના વિષય મુજબ જુદા-જુદા બોધ આપે છે.

- **વચ.ગ.પ્ર.૩૫** – "...**તેમ** બુદ્ધિ તો ઝાઝી છે, પણ એણે કોઈ મોટા સંતનો અથવા પરમેશ્વરનો અવગુણ લીધો છે, તે અવગુણરૂપ દોષ એની બુદ્ધિમાં આવ્યો છે તે સર્પની લાળ સરખો છે, માટે એ તો કલ્યાણને માર્ગે ક્યાંથી ચાલે ?"
- **વચ.લો.૧૭** – "...**તેમ** જે દેહાભિમાની છે, તે જ્યારે કોઈ મોટા સંત અથવા ભગવાન તે માનને ખોદશે (ત્યારે) મહિને, બે મહિને, વર્ષે, બે વર્ષે, દસ વર્ષે, દેહ મૂક્યા સમે, દેહ મૂકીને જ્યારે ત્યારે પણ એ જરૂર સંતનો અભાવ લઈને પડી જશે."
- **વચ.વર.૧૨** – "...**તેમ** માહાત્મ્ય સહિત જે ભગવાનનો નિશ્ચય તેણે રહિત એવો જે જીવ તેના મુખ થકી ગીતા, ભાગવતને સાંભળે તેણે કરીને કોઈનું કલ્યાણ થતું નથી, એમાંથી તો મૂળગું ભૂંડું થાય છે."
- **વચ.ગ.અં.૧૯** – "...**તેમ** જેમાં સેવા-ચાકરીરૂપ સ્વાર્થ ભળ્યો હોય ને તે હરિભક્ત હોય તો પણ તેમાં તે પોતાનો સ્વાર્થ લઈને હેત ન રાખવું. શા માટે જે, પોતાના જીવને એ થકી બંધન થાય છે."

આમ, અહીં એક જ દૃષ્ટાંત દ્વારા ભગવાન સ્વામિનારાયણે ૪ બોધ આપ્યા: ૧. અવગુણરૂપ સર્પની લાળ (ગ.પ્ર.૩૫), ૨. દેહાભિમાનરૂપ સર્પની લાળ (લો.૧૭), ૩. અનિશ્ચયરૂપ સર્પની લાળ (વર.૧૨) તથા ૪. સ્વાર્થરૂપી સર્પની લાળ(ગ.અં.૧૯)થી મૃત્યુ કહેતાં સત્સંગમાં વિઘ્ન આવે છે તે સમજાવ્યું છે.

❖ હડકાયા શ્વાનનું દૃષ્ટાંત

ભગવાન સ્વામિનારાયણ કહે છે કે "**જેમ** હડકાયા કૂતરાની જે લાળ તે ઢોર અથવા મનુષ્ય જેને અડે, તે હડકાયા કૂતરાની પેઠે ડાચીઓ (કૂતરાના ભસવાનો અવાજ) નાંખીને મરી જાય."

આ એક જ દૃષ્ટાંતથી ભગવાન સ્વામિનારાયણ બે વચનામૃતમાં જુદો-જુદો બોધ પાઠવે છે.

- **વચ.લો.૧** – "...**તેમ** ક્રોધની જેને લાળ અડે તે પણ હડકાયા કૂતરાની પેઠે ડાચીઓ નાંખીને સંતના માર્ગ થકી પડી જાય."
- **વચ.ગ.અં.૧૨** – "...**તેમ** જેને ભગવાન અને ભગવાનના ભક્તનો અવગુણ આવ્યો હોય તે સાથે હેત રાખે અથવા તેની વાત સાંભળે, તો તે હેતનો કરનારો ને વાતનો સાંભળનારો પણ વિમુખ સરખો થાય."

અહીં કુસંગરૂપી લાળે કરીને સાંભળનારાને હડકવા હાલે છે, એટલે કે સત્સંગમાંથી વિમુખ થાય છે. તેમ સમજાવે છે.


❖ શ્વાન-સૂકા હાડકાનું દૃષ્ટાંત

અહીં દૃષ્ટાંતની વિગત એમ છે કે – "**જેમ** શ્વાન હોય તે સૂકા હાડકાને એકાંતે લઈ જઈને કરડે, પછી તેણે કરીને પોતાનું મોઢું છોલાય ને તે હાડકું લોહીવાળું થાય તેને ચાટીને રાજી થાય છે, પણ મૂર્ખ એમ નથી જાણતો જે, મારા જ મોઢાનું લોહી છે, તેમાં હું સ્વાદ માનું છું."

ભગવાન સ્વામિનારાયણ આ દૃષ્ટાંત દ્વારા બે અલગ પ્રકારના બોધ તારવે છે.

- **વચ.ગ.મ.૪૧** – "...**તેમ** ભગવાનનો ભક્ત હોય તો પણ માનરૂપી હાડકાને મૂકી શકતો નથી ને જે જે સાધન કરે છે તે માનને વશ થઈને કરે છે."
- **વચ.ગ.મ.૫૭** – "...**તેમ** મૂર્ખ જીવ છે તે દુઃખને વિષે સુખને માનીને તુચ્છ પદાર્થને વિષે પ્રીતિને કરે છે (અને) તે તો અતિશય તુચ્છ બુદ્ધિવાળો છે." અહીં તુચ્છ પદાર્થરૂપી હાડકાંને વિષે સુખ માને છે તે તુચ્છ બુદ્ધિવાળો છે, તેમ શ્રીહરિ સમજાવે છે.

આમ, ભગવાન સ્વામિનારાયણે પોતાના દૃષ્ટાંતબોધમાં પ્રગટાવેલી વિચક્ષણ મૌલિકતા, ચિત્રાત્મકતા અને અનેકતા એ તેઓની કથન શૈલીનો એક આગવો ઉજાસ છે.




બ્રહ્મસ્વરૂપ
પ્રમુખસ્વામી મહારાજ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

(૧૯૨૧-૨૦૧૬)

પ્રમુખસ્વામી મહારાજ એટલે 'બીજાના ભલામાં આપણું જ ભલું છે...!' જીવનસૂત્ર સાથે લાખો લોકોને હૂંફ આપનાર એક વિરલ સંતવિભૂતિ. ભગવાન સ્વામિનારાયણની ગુણાતીત ગુરુપરંપરાના પાંચમા ગુરુદેવ આ વિશ્વવંદનીય સંતે નિર્વ્યાજ વાત્સલ્યવર્ષામાં બાળકો, યુવાનો, વૃદ્ધો, ભણેલા કે અભણ, દેશ કે વિદેશના સૌ કોઈને ધન્ય કર્યા હતા. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેકવિધ આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિના સૂત્રધાર સ્વામીશ્રીએ, કઠિન પુરુષાર્થથી એક વિરાટ ચારિત્ર્યવાન સમાજ ખડો કર્યો છે. ૧૭,૦૦૦થી વધુ ગામોમાં વિચરણ; ૨,૫૦,૦૦૦થીય વધુ ઘરોની મુલાકાત; ૭,૦૦,૦૦૦થીય વધુ પત્રોનું લેખન; કરોડોની વ્યક્તિગત મુલાકાત વગેરે દ્વારા આ મહાન સંતે અસંખ્યનો જીવન-ઉત્કર્ષ કર્યો છે. અક્ષરધામ જેવા જગવિખ્યાત સંસ્કૃતિધામ ઉપરાંત, જગતભરમાં ૧,૧૦૦થીય વધુ મંદિરોનું સર્જન કરીને તેમણે સંસ્કૃતિનાં ચિરંતન સ્મારકો સ્થાપ્યાં છે. ભારત અને વિશ્વના અનેક દેશોમાં અનેક કુદરતી આપત્તિઓમાં તારાજ થયેલા લોકો માટે આ કરુણામૂર્તિ સંતની કરુણા વહી છે. એટલે જ, આંતરરાષ્ટ્રીય ધુરંધરોથી લઈને આદિવાસી સુધીના અસંખ્ય લોકોએ તેમને હૃદયપૂર્વક ચાહ્યા છે. સાધુતાના શિખર સમાન આ મહાન સંતની વિરાટ સિદ્ધિઓનું રહસ્ય એટલે પરમાત્માનો સાક્ષાત્કાર. અસંખ્યોએ તેમના સાંનિધ્યમાં પરબ્રહ્મની દિવ્ય અનુભૂતિ કરી છે, ઉચ્ચ અધ્યાત્મ-શિખર પ્રાપ્ત કર્યું છે



પ્રગટ બ્રહ્મસ્વરૂપ
મહંત સ્વામી મહારાજ

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

(જન્મ : તા. ૧૩-૯-'૩૩, જબલપુર, મધ્ય પ્રદેશ)

પ્રેરણામૂર્તિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આધ્યાત્મિક અનુગામી તરીકે બિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ એક વિરલ સંતવિભૂતિ છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પુરોગામી ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે સન ૧૯૬૧માં તીર્થધામ ગઢડા ખાતે એક સાથે ૫૧ સુશિક્ષિત નવયુવાનોને દીક્ષા આપ્યા બાદ નવદીક્ષિતોના મહંત તરીકે તેમને નિયુક્ત કર્યા ત્યારથી તેઓ 'મહંત સ્વામી'ના નામે વિશેષ આદરણીય બન્યા. તપ, વ્રત, સંયમ, ભક્તિ, સાધુતા, વિનમ્રતા સરળતા ને બુદ્ધિમત્તા વગેરે અનેક સદ્‌ગુણો અને સેવામય જીવનથી તેઓ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની સતત પ્રસન્નતા પામતા રહ્યા. પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા અનુસાર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેક સેવા-પ્રવૃત્તિઓમાં નેતૃત્વ પૂરું પાડીને તેમણે સેવકભાવે અનન્ય સેવાઓ આપી છે. સંસ્થાના વિરાટ આંતરરાષ્ટ્રીય મહોત્સવો, અક્ષરધામ જેવાં મહાન સર્જનો, બાળ-યુવા પ્રવૃત્તિઓ વગેરેમાં તેમનું યોગદાન અનન્ય રહ્યું છે. તેમનાં ગહન ચિંતનશીલ વ્યાખ્યાનોએ લાખો લોકોને આધ્યાત્મિક પ્રેરણાઓ આપી છે; તેમની ભગવન્મય પ્રતિભા અને સાધુતાએ સંતો, હરિભક્તો અને અસંખ્ય ભાવિકોનાં જીવન પર ઊંડો પ્રભાવ પાથર્યો છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી બી.એ.પી.એસ. સંસ્થાના છઠ્ઠા ગુરુદેવ તરીકે બિરાજીને તેઓ પ્રમુખસ્વામી મહારાજે વિસ્તારેલાં વિરાટ આધ્યાત્મિક અને સામાજિક કાર્યોના સૂત્રધાર તેમજ લાખો આબાલવૃદ્ધ ભક્તોના ગુરુદેવ બન્યા છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે તેઓ, બી.એ.પી.એસ.ના અસંખ્ય ભક્તો-ભાવિકોને ભગવાન શ્રી સ્વામિનારાયણે ચીંધેલા આધ્યાત્મિક માર્ગે વેગ આપી રહ્યા છે.

1819–2019

વચનામૃત

દ્વિશતાબ્દી મહોત્સવ

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વસુંધરા પર અવતરીને
એક વિરાટ અને કલ્યાણમય આધ્યાત્મિક આંદોલન આદર્યું હતું.
એ આંદોલનના એક ભાગરૂપે હતાં – એમનાં જ્ઞાનસત્રો.
એમની એ પરાવાણીને પ્રમાણિત રીતે સંગ્રહીને તેમના સમકાલીન વિદ્વાન
અને સમર્થ સંતશિષ્યોએ તેનો સંપાદિત ગ્રંથ તૈયાર કર્યો.
નામ આપ્યું – વચનામૃત, જેને સ્વયં ભગવાને પ્રમાણિત પણ કર્યો.
આ વચનામૃત ગ્રંથ આધ્યાત્મિક ઇતિહાસમાં એક અજોડ શાસ્ત્ર છે.
જેમાં વેદ-વેદાંત-પુરાણ-ઇતિહાસ-સ્મૃતિ ગ્રંથો વગેરે તમામ શાસ્ત્રોનો
અનુભવ અને સાક્ષાત્કારયુક્ત અર્ક ટપકે છે. આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા
ઇચ્છતા કોઈપણ મુમુક્ષુ માટે વચનામૃત એક અનિવાર્ય ગ્રંથ છે.
તેમાં સૌ કોઈને સમજાય તેવું સરળ, અદ્‌ભુત, અનુભવપૂર્ણ માર્ગદર્શન છે.
આધ્યાત્મિક માર્ગે મુમુક્ષુને ઉદ્‌ભવતા પ્રશ્ન માત્રનું સર્વોત્તમ સમાધાન છે.
પ્રેરણામૂર્તિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદ સાથે
વચનામૃત દ્વિશતાબ્દી પર્વે વિવિધ દૃષ્ટિકોણથી વચનામૃતનું આચમન કરાવતી
આ પુસ્તિકા-શ્રેણીને માણીએ અને વચનામૃતને હૈયે ઊતારીએ...

Vachanamrutma
Drashtant Bodh
USD 0.50
15860
BG361
ISBN: 978-81-7526-944-6